ISP-75 Aham Hidaayaten

ઇસ્લામી આંદોલનના કાર્યકરો માટે

માર્ગદર્શન

મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

● અનુવાદ ●

ઝહીરુદ્દીન શેખ

અનુક્રમણિકા

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

પ્રસ્તાવના

આસ્થા, આદેશો, ધારણાઓ, માન્યતાઓ અને પોતાની જીવન-વ્યવસ્થાની દૃષ્ટિએ ઈસ્લામ એક શક્તિશાળી ધર્મ છે. તેના દ્વારા દુનિયામાં એક મહાન ક્રાંતિ આવી, ઈતિહાસ તેનો સાક્ષી છે. જીવન અને તેની સમસ્યાઓ ઉપર વિચારવાવાળાઓ અને પોતાના સાચા સ્વરૂપને જાણવાની ઈચ્છા ધરાવનારાઓનું કર્તવ્ય બને છે કે તેઓ ઈસ્લામથી અજાણ અને અનભિજ્ઞ ન રહે.

ઈસ્લામ કોઈ જાતિ વિશેષ કે વર્ગને ઉદ્‌બોધિત નથી કરતો પરંતુ તેની સમક્ષ સંપૂર્ણ માનવજાત છે.

ઈસ્લામને સમગ્ર માનવો સામે તેના અસલ સ્વરૂપમાં પ્રસ્તુત કરવો અને પોતાના જીવનને તેના આદેશો અને કાર્યપદ્ધતી મુજબ બનાવવું એ ઈસ્લામી આંદોલન સાથે જોડાયેલ પ્રત્યેક કારકુનની બુનિયાદી ફરજ અને જવાબદારી બને છે.

આ પુસ્તક ઈસ્લામી આંદોલનના કાર્યકર્તાઓને નજર સમક્ષ રાખીને તેમના માર્ગદર્શન માટે લખવામાં આવ્યું છે. ઈસ્લામ ઉપર આસ્થા ધરાવતો પ્રત્યેક વ્યક્તિ આ ઈસ્લામી આંદોલનનો કાર્યકર છે.

આ કાર્યકરમાં કેવા પ્રકારના ગુણો હોવો જોઈએ અને કઈ બાબતોથી તેણે દૂર રહેવું જોઈએ અને ઈસ્લામી આંદોલનની શિસ્ત અને અનુશાસનને તેણે કેવી રીતે અપનાવવું જોઈએ તે આ પુસ્તકમાં ખૂબજ સાહજિક ભાષામાં સમજાવવામાં આવ્યું છે. જેથી આ પુસ્તકનો અભ્યાસ તેવા તમામ લોકો માટે ફળદાયી નિવડશે જેઓ ઈસ્લામી આંદોલનમાં સક્રીય થઈને કામ કરી રહ્યા છે.

આ અગાઉ આ પુસ્તકની એક આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ચુકી છે. તેની બીજી આવૃત્તિ આપના સમક્ષ પ્રસ્તુત કરી રહ્યો છું. આશા છે આપ તેનાથી ભરપૂર ફાયદો ઉઠાવીને પોતાના જીવનને તેમાં દર્શાવિલ ગુણોથી આભૂષિત કરવા તત્પરતા દાખવશો.

ચેરમેન
ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, ગુજરાત

૧. અલ્લાહ સાથે સંબંધ
(તઅલ્લુક બિલ્લાહ)

મહત્ત્વ

સૌથી પહેલી વસ્તુ જેની શીખામણ હંમેશથી નબીઓ અને પ્રથમ ચાર સન્માનીય ખલીફાઓ તેમજ ઉમ્મતના નેક લોકો દરેક વખતે પોતાના સાથીઓને આપતા આવ્યા છે તે અલ્લાહથી ડરવાની અને તેનો પ્રેમ હૃદયસ્થ કરવાની અને તેની સાથેનો સંબંધ ગાઢ બનાવવાની શીખ છે. મેં પણ એને અનુસરતાં હંમેશાં પોતાના સાથીઓને સૌથી પહેલાં આ જ શિખામણ આપી છે અને ભવિષ્યમાં પણ જ્યારે તક મળશે ત્યારે એની જ શીખ આપતો રહીશ કેમકે આ જ વસ્તુ છે જેને બીજી દરેક વસ્તુ ઉપર પ્રાધાન્ય હોવું જ જોઈએ. આસ્થામાં અલ્લાહ ઉપર ઈમાન સૌથી ઉપર છે, ઈબાદતમાં અલ્લાહ સાથે હૃદયપૂર્વકનો લગાવ સૌની ઉપર છે, નૈતિકતામાં અલ્લાહનો ડર સૌની ઉપર છે, વ્યવહારમાં અલ્લાહની પ્રસન્નતાની ચાહત સૌની ઉપર છે અને બધી રીતે આપણા સમગ્ર જીવનની સુધારણાનો આધાર આની ઉપર છે કે આપણી તમામ પ્રવૃત્તિઓ અને દોડધામમાં અલ્લાહની પ્રસન્નતાનો હેતુ બીજા બધા જ હેતુઓ ઉપર પ્રાધાન્ય ધરાવતો હોય. ખાસ કરીને આ કામ કે જેના માટે આપણે એક જમાઅતના રૂપમાં ઊઠયા છીએ તે તો એકમાત્ર અલ્લાહ સાથેના સંબંધના આધાર ઉપર જ ચાલી શકે. આ કામ એટલું જ મજબૂત હશે જેટલો આપણો અલ્લાહ સાથેનો સંબંધ મજબૂત હશે અને આ કામ એટલું જ કમજોર હશે જેટલો, અલ્લાહ ન કરે, અલ્લાહ સાથેનો આપણો સંબંધ નબળો હશે.

દેખીતું છે કે માણસ જે કામ પણ કરવા ઊઠે છે, પછી તે દુનિયાનું કામ હોય કે દીનનું, તેનો ખરુ ચાલકબળ એ હેતુ હોય છે જેની ખાતર તે કામ કરવા ઊભો થયો છે, અને તેની અંદર કામ કરવાની વૃત્તિ ત્યારે જ જન્મે છે જ્યારે આ હેતુ પ્રત્યેની તેની દિલચસ્પીમાં ઉષ્મા અને ઊંડાણ હોય. પોતાની મનેચ્છા ખાતર કામ કરનાર સ્વાર્થ વિના પોતાની મનેચ્છાની સેવા કરી શકતો નથી અને મનેચ્છાના

પ્રેમમાં જેટલી તીવ્રતા હોય છે એટલી જ ઉષ્મા સાથે તે તેની સેવા કરે છે. સંતાન માટે કામ કરનાર માણસ સંતાનના પ્રેમમાં પાગલ હોય છે ત્યારે જ તે પોતાના સુખ-ચેન અને આરામને સંતાનની ભલાઈ માટે કુર્બાન કરે છે અને પોતાની દુનિયા જ નહીં પણ પોતાની આખિરત સુદ્ધાં આ હેતુ માટે જોખમમાં નાંખી દે છે કે જેથી તેના બાળકો વધુમાં વધુ સુખી થાય. કોમ અથવા દેશ માટે કામ કરનાર દેશ અને કોમના પ્રેમમાં દીવાનો બને છે ત્યારે જ કોમ અને દેશની આઝાદી, સુરક્ષા અને સર્વોપરિતા માટે આર્થિક નુકસાન ભોગવે છે, કારાવાસની તકલીફો વેઠે છે, રાત-દિવસ મહેનત કરે છે અને જીવ સુદ્ધાં આપી દે છે. હવે જ્યારે આપણે આ કામ ન તો પોતાના નફ્સ માટે કરી રહ્યાં છીએ, ન તો કોઈ કૌટુંબિક હેતુ આમાં આપણી સામે છે, બલ્કે માત્ર એક અલ્લાહને પ્રસન્ન કરવાનો જ આપણો આશય છે અને એનું જ કામ સમજીને આપણે આ કામ અપનાવેલું છે, ત્યારે તમે સમજી શકો છો કે જ્યાં સુધી અલ્લાહની સાથેનો આપણો સંબંધ ઊંડો અને ગાઢ ન હોય ત્યાં સુધી આ કામ પણ ચાલી શકે નહીં અને આની અંદર ગરમી ત્યારે જ આવી શકે જ્યારે આપણા તમામ આકર્ષણો અલ્લાહના સંદેશને બુલંદ કરવા માટેના પ્રયત્નમાં કેન્દ્રિત થઈ જાય. આ કામમાં જે લોકો જોડાય એમના માટે એટલું જ પૂરતું નથી કે એમનો સંબંધ અલ્લાહ સાથે પણ હોય, બલ્કે અલ્લાહ સાથે જ હોવો જોઈએ. એમને અનેક સંબંધોમાંથી એક સંબંધ નહીં બલ્કે એક જ અસલી અને સાચો સંબંધ હોવો જોઈએ અને એમને હંમેશાં આની ચિંતા રહેવી જોઈએ કે અલ્લાહ સાથેનો એમનો સંબંધ ઓછો થાય નહીં બલ્કે દિવસે-દિવસે વધતો રહે અને ગાઢ થતો જાય.

આ બાબતમાં આપણી વચ્ચે કોઈ મતભેદ નથી કે અલ્લાહ સાથેનો સંબંધ જ આપણા આ કામનો પ્રાણ છે. જમાઅતનો કોઈ પણ સાથી, અલહમ્દુલિલ્લાહ, આના મહત્ત્વની લાગણીથી ગાફેલ નથી ! અલબત્ત જે પ્રશ્નો ઘણાં લોકોને મૂંઝવતા રહે છે તે આ છે કે અલ્લાહ સાથેના સંબંધનો સાચો અર્થ શું છે ? એને પેદા કરવાની અને વિકસાવવાની પદ્ધતિ કઈ છે અને આપણે એ કઈ રીતે જાણી શકીએ કે આપણો અલ્લાહ સાથેનો સંબંધ હકીકતમાં છે કે નહીં, અને છે તો કેટલો છે ? આ સવાલનો કોઈ સ્પષ્ટ જવાબ ન જાણવાના લીધે, મને ઘણી વખત એવું લાગ્યું છે કે, લોકોને જાણે એમ લાગે છે કે તેઓ એક વેરાન રણમાં છે અને જ્યાં કંઈ ખબર પડતી નથી કે એમનો આખરી ધ્યેય બરાબર કઈ દિશામાં છે અને એમને કંઈ સમજાતું નથી કે તેમણે કેટલું અંતર કાપ્યું છે અને અત્યારે કયા તબક્કે છે તેમજ

આગળ કેટલા તબક્કા બાકી રહ્યાં છે. એટલા માટે ઘણી વખત આપણો કોઈ સાથી સંદિગ્ધ ખ્યાલોમાં ખોવાઈ જાય છે, તો કોઈ એવી પદ્ધતિઓ તરફ ઢળી પડે છે જે ધ્યેય તરફ લઈ જનારી નથી, કોઈને માટે ધ્યેય સાથે નિકટનો સંબંધ તેમજ દૂરનો સંબંધ રાખનારી વસ્તુઓ વચ્ચે ભેદ કરવાનું મુશ્કેલ બની રહ્યું છે અને કોઈ તો વળી આશ્ચર્યમાં ડૂબેલો છે. એટલા માટે આજે માત્ર અલ્લાહ સાથે સંબંધ અંગે શીખ આપીને હું સંતોષ માનીશ નહીં બલ્કે મારી જાણકારીની મર્યાદામાં રહીને આ સવાલોના સ્પષ્ટ જવાબો આપવાની પણ કોશિશ કરીશ.

અલ્લાહ સાથે સંબંધનો અર્થ :

અલ્લાહ સાથે સંબંધનો અર્થ જે પ્રમાણે કુર્આનમજીદમાં બતાવવામાં આવ્યો છે તે પ્રમાણે આવો છે કે માણસનું જીવવું, મરવું, એની ઈબાદતો અને કુર્બાનીઓ બધું જ અલ્લાહ માટે હોય.

"કહો, મારી નમાઝ, મારી બંદગીની તમામ વિધિઓ, મારું જીવવું અને મરવું, બધું જ અલ્લાહ રબ્બુલ્ આલમીન (સૃષ્ટિના માલિક અને પાલનહાર) માટે છે" (સૂરઃ અન્આમ-૧૬૨)

"અને તેમને એના સિવાય કોઈ આદેશ આપવામાં આવ્યો ન હતો કે અલ્લાહની બંદગી કરે પોતાના દીન (ધર્મ)ને તેના માટે વિશુદ્ધ કરીને, તદ્દન એકાગ્ર થઈને, અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે. આ જ તદ્દન સાચો અને દુરસ્ત દીન (ધર્મ) છે." (સૂરઃ બૈયિનહ-૫)

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે ઘણી વખત પોતાના બોધ વચનોમાં આ સંબંધની એવી સમજૂતી કરી દીધી કે એના અર્થ સંબંધમાં કોઈ અસ્પષ્ટતા બાકી રહી નથી. આપ સલ્લલ્લાહુ અલૈહિ વ વસલ્લમના કથનોનું સંપાદન કરતાં જણાય છે કે તઅલ્લુક બિલ્લાહનો અર્થ **'ખશિય્યતિલ્લાહિ ફિસ્સિર્રિ વલ્અલાનિય્યહ'** (જાહેર અને છુપા દરેક કામમાં અલ્લાહનો ડર રાખવો) અને **'અનતકૂન બિમા ફી યદ્દઈલ્લાહી અવશક બિમા ફી યદૈક'** (પોતાના સાધનોની સરખામણીમાં તારો ભરોસો અલ્લાહની કુદરત ઉપર વધુ હોય) અને **મનીલતમસ રદિયલ્લાહી બિસખ્ખિન્નાસ'** (વ્યક્તિ અલ્લાહને પ્રસન્ન કરવા માટે લોકોને નારાજ કરી લે) આનાથી તદ્દન વિપરીત સ્થિતિ આજે જોવા મળે છે કે **'મનીલ તમસ રદિયન્નાસ બિસખ્ખિલ્લાહિ'** (માણસ લોકોને રાજી કરવા માટે અલ્લાહની નારાજગી વ્હોરી લે.) પછી જ્યારે આ સંબંધ વિકસીને એ હદ સુધી પહોંચી જાય કે માનવીનો

પ્રેમ અને દુશ્મની, તેનું આપવું અને રોકવું, જે કાંઈ હોય તે અલ્લાહ માટે અને અલ્લાહની ખાતર હોય તથા મનેચ્છાના આકર્ષણ તથા નફરતનો પ્રભાવ તેની સાથે સંકળાયેલા ન હોય તો આનો મતલબ એમ થાય કે તેણે 'તઅલ્લુક બિલ્લાહ' પૂર્ણ કરી લીધું :

'મન અહબ્બ લિલ્લાહી વ અબ્ગદ લિલ્લાહી વ અઅ્તા લિલ્લાહિ ફક દિસ્તકમલલ ઈમાન'

આ ઉપરાંત આ દુઆએકુનૂત જે તમે રોજ રાત્રે પઢો છો એનો દરેક શબ્દ એ સંબંધ સૂચવે છે જે તમારો અલ્લાહ સાથે હોવો જોઈએ. આના શબ્દો ધ્યાનથી વાંચો અને વિચારો અને જોતા જાઓ કે તમે દરરોજ રાત્રે પોતાના અલ્લાહ સાથે કેવો સંબંધ રાખવાનો એકરાર કરો છો :-

'હે અલ્લાહ ! અમે તારી પાસે મદદ માગીએ છીએ. તારી પાસે માર્ગદર્શન માગીએ છીએ, તારી પાસે ક્ષમા માગીએ છીએ અને તારી ઉપર ઈમાન લાવીએ છીએ, તારી જ ઉપર ભરોસો કરીએ છીએ અને તમામ ભલી પ્રશંસા તારા જ માટે વિશિષ્ટ છે. અમે તારા આભારી છીએ. નેઅ્મતોનો ઈન્કાર કરનારા નથી. અમે એ દરેક વ્યક્તિનો ત્યાગ કરી દઈશું જે તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે. હે અલ્લાહ અમે તારી બંદગી કરીએ છીએ, તારા જ માટે નમાઝ પઢીએ છીએ અને સિજદો કરીએ છીએ અને અમારી તમામ પ્રવૃત્તિઓ તારી તરફ જ છે. અમે તારી કૃપાના ઉમેદવાર છીએ અને તારો અઝાબ એ લોકોને પહોંચવાનો છે જે ઈન્કાર કરનારા છે.'

પછી આ જ અલ્લાહ સાથે સંબંધનીની છબી એ દુઆમાં પણ જોવા મળે છે જે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ રાત્રે તહજ્જુદ વખતે ઊઠતાં ત્યારે પઢતા હતાં. આમાં આપ અલ્લાહતઆલાને સંબોધીને અરજ કરે છે કે :-

"હે અલ્લાહ ! હું તારો જ આજ્ઞાંકિત થયો અને તારી ઉપર જ ઈમાન લાવ્યો અને તારી ઉપર જ મેં ભરોસો કર્યો અને તારા જ તરફ વળ્યો અને તારા જ માટે હું લડયો અને તારી જ સમક્ષ હું મારો મુકદ્દમો લાવ્યો."

અલ્લાહ સાથે સંબંધ વિકસાવવાની રીત :

આ છે સાચું ચિત્ર અલ્લાહ સાથેના સંબંધનું જે એક મો'મિનનો અલ્લાહ સાથે હોવો જોઈએ. હવે એ જોવાની જરૂર છે કે આ સંબંધ વિકસાવવાની રીત કઈ છે?

આ વાત એક જ રીતે પેદા થઈ શકે છે અને તે માટે જરૂરી છે કે માણસ હૃદયપૂર્વક અલ્લાહ કે જેનો કોઈ ભાગીદાર નથી તેને પોતાનો તેમજ સમગ્ર સૃષ્ટિનો માલિક, ઉપાસ્ય અને સર્વસત્તાધીશ સ્વીકાર કરે, ખુદાઈની તમામ ખૂબીઓ અને ગુણો, હક્કો અને અધિકાર માત્ર અલ્લાહ માટે જ ખાસ માની લે અને પોતાના હૃદયને શિર્ક (અનેકેશ્વરવાદ) ના અંશમાત્રથી શુદ્ધ કરી દે. આટલું જ્યારે તે કરી લે છે ત્યારે અલ્લાહ સાથે તેનો સંબંધ સ્થપાઈ જાય છે.

હવે એના વિકાસ અને વૃદ્ધિની વાત. તો તે બે રીતો ઉપર આધારિત છે. એક છે વિચારસરણીની રીત અને બીજી અમલની રીત.

વિચારસરણીની રીત દ્વારા અલ્લાહ સાથેનો સંબંધ વધારવાની રીત આ પ્રમાણે છે કે તમે કુર્આનમજીદ અને હદીસ સંગ્રહોની મદદ વડે આ સંબંધોને વિસ્તૃત રીતે અને વધુ ને વધુ સ્પષ્ટતાપૂર્વક સમજો જે તમારી અને અલ્લાહની વચ્ચે કુદરતી રીતે છે અને વ્યવહારમાં હોવા જોઈએ. આ સંબંધોનું સાચું ભાન અને સમજ તથા મગજમાં તેની યાદ માત્ર ત્યારે જ શક્ય છે જ્યારે તમે કુર્આન અને હદીસ સમજીને વાંચો અને વારંવાર તેનું પુનરાર્વતન કરતા રહો અને તેમની ઉપર વિચાર-મનન દ્વારા તેમજ પોતાની હાલતની સમીક્ષા કરીને જોતા રહો કે આમાંથી કયા સંબંધને તમે વ્યવહારમાં કાયમ રાખ્યો છે, ક્યાં સુધી એના તકાદાઓ તમે પૂરા કરો છો અને કયાં કયાં આમાં ઉણપ અનુભવો છો. આ વસ્તુનો એહસાસ અને યાદ જેટલા પ્રમાણમાં વધશે. ઈન્શાઅલ્લાહ, એટલા જ પ્રમાણમાં અલ્લાહ સાથેનો તમારો સંબંધ વિકસશે.

દૃષ્ટાંત તરીકે તમારા અને અલ્લાહની વચ્ચે એક સંબંધ આ છે કે તમે અબ્દ (દાસ-ગુલામ) છો અને તે મઅ્બૂદ (સર્જનહાર-સ્વામી) છે. તમારો બીજો સંબંધ આ છે કે તમે ધરતી ઉપર તેના ખલીફા (નાયબ) છો અને તેણે તેની અસંખ્ય અમાનતો તમને સોંપેલી છે. ત્રીજો સંબંધ આ છે કે તમે ઈમાન લાવી એક સોદાનો કરાર કરી ચૂક્યા છો જે અનુસાર તમે તમારા જાન-માલ તેના હાથે વેચ્યાં છે અને તેણે જન્નતના વાયદે તેમને ખરીદયાં છે. ચોથો સંબંધ તમારી અને એમની વચ્ચે આ છે કે તમે તેની સમક્ષ જવાબદાર છો, અને તે તમારો માત્ર બાહ્ય હિસાબ લેવાનો છે એટલું જ નહીં બલ્કે તમારી તમામ ક્રિયાઓ અને હલન-ચલન બલ્કે નિય્યતો અને ઇરાદાઓનો અહેવાલ એની પાસે નોંધાઈ રહ્યો છે. આમ આ અને બીજા ઘણાં સંબંધ એવાં છે જે તમારી અને અલ્લાહની વચ્ચે છે. બસ આ જ

સંબંધોને સમજવા ઉપર, તેમનું ભાન કેળવવા ઉપર, તેમને યાદ રાખવા ઉપર અને તેમના તકાદાઓ પૂરા કરવા ઉપર અલ્લાહતઆલા સાથેના તમારા સંબંધના વિકાસનો અને નિકટતાનો આધાર છે. તમે આનાથી જેટલા ગાફેલ હશો એટલો જ અલ્લાહ સાથેનો તમારો સંબંધ કમજોર હશે, અને જેટલા પ્રમાણમાં તમે આના પ્રત્યે જાગૃત રહેશો અને ધ્યાન આપશો એટલા જ પ્રમાણમાં તમારો સંબંધ ગાઢ અને મજબૂત હશે.

પરંતુ આ વિચારસરણીની રીત ત્યાં સુધી કોઈ પરિણામ આપતી નથી, બલ્કે વધુ સમય સુધી નિભાવી પણ શકાતી નથી, જ્યાં સુધી વ્યવહારમાં એને મદદ અને તાકાત ન પહોંચાડાય. અને એ વ્યવહારની રીત છે અલ્લાહના આદેશોનું નિખાલસ પાલન અને એ દરેક મામલામાં જાન લડાવીને સંઘર્ષ કરવો જેના વિષે તમને જણાઈ જાય કે એમાં અલ્લાહની પ્રસન્નતા રહેલી છે. અલ્લાહના આદેશોના નિખાલસ પાલનનો અર્થ એ છે જે કામોનો અલ્લાહે આદેશ આપ્યો છે એ કચવાતા મને નહીં પણ હ્રદયપૂર્વક અને હોંશપૂર્વક જાહેર તેમજ ગુપ્ત રીતે કરો અને એમાં કોઈ ભૌતિક લાભને નહીં પણ માત્ર અલ્લાહની પ્રસન્નતાને ધ્યાનમાં રાખો અને જે કામો કરવાથી અલ્લાહે રોક્યા છે એમની તરફ નફરત અને અણગમો રાખી જાહેરમાં તેમજ ગુપ્ત રીતે તેમનાથી બચતા રહો અને આવી રીતે દૂર રહેવા પાછળનું ચાલકબળ ભૌતિક નુકસાનનો ડર નહીં પણ અલ્લાહના પ્રકોપનો ડર હોય. આ રીતની કામગીરી તમને તકવા (અલ્લાહનું સામિપ્ય)ના મુકામે પહોંચાડી દેશે અને તેના પછી બીજી કામગીરી તમને અહેસાન (ખૂબી)ની મંઝિલે પહોંચાડી દેશે અર્થાત્ તમે દુનિયામાં એ દરેક ભલાઈના કામને આગળ વધારવાનો પ્રયત્ન કરો જેને અલ્લાહ પસંદ કરે છે અને પ્રત્યેક તે બુરાઈને દબાવવાનો પ્રયત્ન કરે જેને અલ્લાહ પસંદ કરતો નથી અને આ પ્રયત્નમાં જાન-માલ, સમય, શ્રમ અને બુદ્ધિચાતુર્ય, ગમે તે વસ્તુનું બલિદાન આપવામાં સ્હેજ પણ કંજૂસાઈ ન કરે. પછી આ માર્ગમાં જે કુર્બાની તમે આપો એ માટે કોઈ ગર્વની ભાવના પણ દિલમાં પેદા ન થાય. એવો ખ્યાલ તમારા દિલમાં ન આવે કે મેં કોઈની ઉપર ઉપકાર કર્યો છે, બલ્કે મોટામાં મોટી કુર્બાની આપીને પણ તમે એમ જ સમજતા રહો કે તમારા સર્જનહારનો જે હક્ક તમારી ઉપર હતો તે હજુ પણ અદા થઈ શક્યો નથી.

અલ્લાહ સાથે સંબંધ વિકસાવવાના સાધનો :

વ્યવહારમાં આ પ્રકારનું વર્તન હકીકતમાં કોઈ સરળ વાત નથી. આ એક મુશ્કેલ ડુંગરાળ કેડી છે જેની ઉપર ચઢવા માટે ભારે શક્તિની જરૂર છે અને આ તાકાત જે ઉપાયો દ્વારા માણસ પોતાની અંદર પેદા કરી શકે તે ઉપાયો આ પ્રમાણે છે:

૧. નમાઝ

નમાઝમાં માત્ર ફર્ઝ અને સુન્નતો જ નહીં પણ શક્તિ પ્રમાણે નફ્લ નમાઝો પઢવી જોઈએ. પરંતુ આટલું યાદ રાખો કે નફ્લ નમાઝો વધુ ને વધુ ખુદાના ડરની ભાવના સાથે પઢવી જોઈએ જેથી અલ્લાહતઆલા સાથેનો તમારો અંગત સંબંધ વિકસે અને નિખાલસતાનો ગુણ તમારામાં પેદા થાય. નફ્લ નમાઝ પઢવાનો અને ખાસ કરીને તહજ્જુદનો ઇઝહાર ઘણી વખત એક ખતરનાક આડંબર અને મોટાઈની ભાવના પેદા કરી દે છે જે મનુષ્યના અંતર માટે સખત વિનાશક છે અને આ જ નુકસાન બીજી નફ્લ નમાઝો, દાન (સદ્કાત) અને વિવિધ ઝિક્રના પ્રદર્શન અને જાહેરાતમાં રહેલું છે.

૨. ઝિક્રે ઈલાહી

અલ્લાહની યાદ અથવા ઝિક્રે ઈલાહી જીવનની તમામ બાબતોમાં સતત રહેવું જોઈએ. આના માટેની એ પદ્ધતિઓ સાચી નથી જે પછીના સમયમાં સૂફીઓના વિવિધ જૂથોએ પોતે ઉપજાવી કાઢી અથવા બીજાઓ પાસેથી અપનાવી બલ્કે સર્વશ્રેષ્ઠ અને સૌથી સાચી પદ્ધતિ એ છે જે નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે અપનાવી અને સહાબાએ કિરામ રદી.ને શીખવાડી. તમે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વં સલ્લમના શીખવાડેલાં વિવિધ ઝિક્ર અને વિવિધ દુઆઓમાંથી એમના અર્થ પણ સમજી લો અને અર્થને ધ્યાનમાં રાખીને વખતો-વખત પઢતા રહો. આ અલ્લાહની યાદ હંમેશાં તાજી રાખવાનું અને અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રીત કરવાનું એક ખૂબ જ અસરકાર માધ્યમ છે.

૩. રોઝા

ફર્ઝ રોઝા જ નહીં પણ નફ્લ રોઝા પણ રાખવા જોઈએ. નફ્લ રોઝા રાખવાની સર્વોત્તમ અને સૌથી સમતુલિત રીત આ છે કે મહિનામાં ત્રણ દિવસના રોઝા રાખવા અને રોઝાના આ સમયમાં ખાસ કરીને તકવાની સ્થિતિ મેળવવાનો પ્રયાસ કરવો જેને કુર્આનમજીદ રોઝાની અસલ ખાસિયત ગણાવે છે.

૪. અલ્લાહના માર્ગમાં ખર્ચ
(ઈન્ફાક ફી સબીલિલ્લાહ)

ફર્ઝ ઉપરાંત નફ્લ કામોમાં પણ શક્તિ પ્રમાણે ખર્ચ કરવું જોઈએ. આ અંગે એક વાત બરાબર સમજી લો કે અસલ વસ્તુ પૈસાનું એ પ્રમાણ નથી જે તમે અલ્લાહના માર્ગમાં ખર્ચો છો બલ્કે અસલ વસ્તુ એ કુરબાની છે જે અલ્લાહ માટે તમે આપી હોય. એક ગરીબ વ્યક્તિ પોતાનું પેટ ખાલી રાખીને અલ્લાહની રાહમાં એક પૈસો પણ વાપરે તો તે અલ્લાહને ત્યાં એક હજાર રૂપિયા કરતાં વધુ મૂલ્ય ધરાવે છે જે એક ધનવાન વ્યક્તિએ પોતાની સુખ-સગવડનો ૧૦મો કે ૨૦મો ભાગ કુર્બાન કરીને આપ્યો હોય. આની સાથે તમને એ પણ ખબર હોવી જોઈએ કે સદ્કાત અર્થાત્ અલ્લાહની રાહમાં એ ખર્ચ સૌથી મહત્ત્વના સાધનો પૈકી છે જે નફ્સની શુદ્ધિ માટે અલ્લાહ અને તેના રસૂલે બતાવેલા છે. તમે આની અસરોનો અનુભવ એવી રીતે કરીને જોઈ શકો છો કે તમારાથી જો એક વખત ભૂલ-ચૂક થઈ જાય તો તમે માત્ર પસ્તાવો અને તૌબા જ કરો અને બીજી વખત જો કોઈ ભૂલ-ચૂક થાય તો તમે તૌબાની સાથે અલ્લાહના માર્ગમાં ખર્ચ પણ કરો. બંને સંજોગોની સરખામણી કરીને તમે પોતે જોઈ શકશો કે તૌબાની સાથે સદ્કો વ્યક્તિના આત્માને વધુ શુદ્ધ કરે છે અને બૂરી ઈચ્છાઓનો સામનો કરવા માટે વધુ બળ આપે છે.

આ એ સીધોસાદો માર્ગ છે જે કુર્આન અને સુન્નતે આપણને બતાવ્યો છે. આની ઉપર જો તમે અમલ કરો તો રિયાઝત (પ્રયત્નો અને સંઘર્ષ), મુજાહિદા (શારીરિક તપશ્ચર્યા) અને મુરાક્બિા (ધ્યાનમગ્નતા) કર્યા વિના તમે તમારા ઘરમાં કુટુંબ વચ્ચે રહીને અને પોતાના તમામ સાંસારિક કામો કરવાની સાથે પોતાના અલ્લાહ સાથે સંબંધ વધારી શકો છો.

અલ્લાહથી સંબંધનો માપદંડ

આના પછી આ સવાલ રહી જાય છે કે આપણે કેવી રીતે એ જાણીએ કે અલ્લાહની સાથે આપણો સંબંધ કેટલો છે અને આપણને કેવી રીતે ખબર પડે કે તે વધી રહ્યો છે કે ઘટી રહ્યો છે. હું એમ કહું છું કે આ વસ્તુ જાણવા માટે તમને સ્વપ્નમાં ખુશખબરો અને રહસ્યો અને ચમત્કારો દેખાય અને અંધારી ઓરડીમાં પ્રકાશના તેજ દેખાય તેની રાહ જોઈને બેસી રહેવાની જરૂર નથી. આ સંબંધને માપવા માટેનું માપદંડ તો અલ્લાહતઆલાએ દરેક માણસના હ્રદયમાં જ મૂકી દીધું છે. તમે જાગૃત અવસ્થામાં અને દિવસના અજવાળામાં દરેક સમયે આને

માપી શકો છો. પોતાના જીવનની, પોતાના સમયની, પોતાની પ્રવૃત્તિઓની અને પોતાની લાગણીઓની સમીક્ષા કરો, પોતાનો હિસાબ પોતે જ લઈ જુઓ કે ઈમાન લાવીને અલ્લાહ સાથે સોદાનો જે કરાર તમે કરી લીધો છે તેને તમે કેટલા અંશે પૂરો કરી રહ્યા છો, અલ્લાહની અમાનતોનો તમારો ઉપયોગ એક અમાનતદાર વ્યક્તિ જેવો છે કે તેમાં થોડીક અપ્રમાણિકતા પણ દેખાય છે. તમારો સમય, પ્રયાસો, કાબેલિયતો અને પૈસાનો કેટલો ભાગ અલ્લાહના કામમાં વપરાઈ રહ્યો છે, અને કેટલો અન્ય કામોમાં, તમારા હિતો અને લાગણીઓ ઉપર પ્રહાર થતાં તમને કેવો ગુસ્સો આવે છે અને કેવી બેચેની લાગે છે અને જ્યારે અલ્લાહના સામે વિદ્રોહ થઈ રહ્યો હોય ત્યારે તેને જોઈને તમારા દિલમાં કેટલું દુઃખ થાય છે અને તમારા રોષ અને વિહવળતાની કેવી હાલત હોય છે ? આ અને આવા બીજા ઘણાં સવાલ છે જે તમે પોતે પોતાની જાતને પૂછી શકો છો અને જવાબ મેળવીને દરરોજ એ જાણી શકો છો કે અલ્લાહ સાથે તમારો કોઈ સંબંધ છે કે કેમ, અને છે તો કેટલો? અને તેમાં ઘટાડો થઈ રહ્યો છે કે પછી વધારો? બાકી રહી વાત ખુશખબર અને ચમત્કાર તેમજ પ્રકાશ-તેજ જોવાની, તો તમે એની સાધના કરવાની ચિંતામાં ન પડો. સાચું તો આ છે કે આ ભૌતિક જગતના છેતરામણા દૃશ્યોમાં તૌહીદની હકીકત પ્રાપ્ત કરી લેવાથી મોટું કોઈ રહસ્ય નથી, શૈતાન અને તેના સાથીદારોના ઊભા કરેલા ડર અને લાલચોનો મુકાબલો કરી સીધા રસ્તા ઉપર કાયમ રહેવા કરતાં મોટી કોઈ કરામત નથી. કુફ્ર અને નાફરમાની તથા અંધારામાં ભટકતાં સત્યની રોશની જોવાથી અને તેને અનુસરવાથી મોટું કોઈ નૂરદર્શન નથી. અને મો'મિનને જો કોઈ સૌથી મોટી ખુશખબર મળી શકતી હોય તો તે અલ્લાહને રબ-માલિક માનીને મક્કમપણે તેની ઉપર ચાલવાથી મળે છે.

૨. આખિરત (પરલોક)

આખિરતને બીજી વસ્તુઓ ઉપર પસંદગી આપવી

અલ્લાહથી સંબંધ પછી બીજી વસ્તુની હું તમને શિખામણ આપું છું કે કોઈ પણ સ્થિતિમાં દુનિયા પર આખિરતને પસંદગી આપો અને પોતાના દરેક કામમાં પરલોકની જ સફળતાને ધ્યેય બનાવો.

કુર્આનમજીદ આપણને બતાવે છે કે કાયમી અને શાશ્વત જીવનનો મુકામ આખિરત છે અને દુનિયાના આ કામચલાઉ રહેઠાણમાં આપણે માત્ર આટલી પરીક્ષા માટે જ મોકલવામાં આવ્યા છીએ કે અલ્લાહે આપેલા થોડાક સાધનો, થોડી સત્તા અને ગણ્યાગાંઠયા સમય અને સ્થિતિઓમાં કામ કરીને આપણામાંથી કોણ પોતાને અલ્લાહની જન્નતનો કાયમી રહેવાસી બનવા માટે સુયોગ્ય સાબિત કરે છે. અહીં જે વસ્તુ માટે આપણી પરીક્ષા લેવાઈ રહી છે તે આ નથી કે આપણે ઉદ્યોગો અને વ્યાપાર, ખેતી અને રાજ્યો ચલાવવામાં કેટલી કુશળતા દેખાડીએ છીએ અને મકાનો તથા માર્ગો કેટલા સારા બનાવીએ છીએ, અને એક ભવ્ય સભ્યતા ઊભી કરવામાં કેટલી સફળતા મેળવીએ છીએ, બલ્કે આખી પરીક્ષા માત્ર આ વાતની છે કે આપણે અલ્લાહની આપેલી અમાનતોમાં અલ્લાહની ખિલાફત-નાયબપણાનો હક્ક અદા કરવામાં કેટલા કુશળ છીએ ? વિદ્રોહી અને ખુદમુખત્યાર બનીને રહીએ છીએ, કે પછી આજ્ઞાંકિત બનીને અલ્લાહની ઇચ્છા પૂરી કરીએ છીએ, કે પછી પોતાના મન અને **અરબાબ મિન દૂનિલ્લાહ** (અલ્લાહ સિવાયના માલિકો) નો? અલ્લાહની દુનિયાને અલ્લાહના માપદંડ પ્રમાણે સુધારવાનો પ્રયત્ન કરીએ છીએ કે બગાડવાનો? અને અલ્લાહને ખાતર શેતાની શક્તિઓ સાથે સંઘર્ષ અને મુકાબલો કરીએ છીએ કે એમની સામે હથિયાર નાખી દઈએ છીએ ? જન્નતમાં આદમ અલૈહિસ્સલામ અને હવ્વા અલૈહિસ્સલામની જે પહેલી પરીક્ષા થઈ હતી તે હકીકતમાં આ જ બાબતની હતી અને આખિરતમાં જન્નતની કાયમી વસતિ માટે માનવજાતિમાંથી જે લોકોની પસંદગી થશે તે પણ આ જ નિર્ણાયક સવાલ ઉપર થશે. પછી સફળતા અને નિષ્ફળતાનું સાચું ધોરણ

આ નથી કે પરીક્ષા દરમ્યાન કોણે શાહી સિંહાસન ઉપર બેસીને પરીક્ષા આપી અને કોણે ફાંસીના માંચડે લટકીને, અને કોની આજમાયશ મહાન સામ્રાજ્ય આપીને કરવામાં આવી અને કોને ઝૂંપડામાં અજમાવવામાં આવ્યો. પરીક્ષા સ્થળના આ કામચલાઉ અને હંગામી સંજોગો જો સારા હોય તો આ વાત સફળતાની સાબિતી નથી તેમજ સંજોગો જો ખરાબ હોય તો ખોટ કે નિષ્ફળતાના સમાન નથી. ખરી સફળતા કે જેની ઉપર આપણે નજર જમાવી રાખવાની છે તે આ છે કે દુનિયાના આ પરીક્ષા-સ્થળમાં જે જગ્યા ઉપર આપણને બેસાડવામાં આવ્યા હોય તેમાં આપણે આપણી જાતને અલ્લાહની વફાદાર અને તેની ઇચ્છાઓને આધીન પુરવાર કરીએ જેથી આખિરતમાં આપણને એ સ્થાન મળે જે અલ્લાહે પોતાના વફાદર બંદાઓ માટે રાખેલ છે.

સજ્જનો ! આ છે એ અસલ હકીકત. પરંતુ આ એવી હકીકત છે જેને માત્ર એક વખત સમજી લેવી અને માની લેવી પૂરતી નથી. બલ્કે એને હંમેશાં મગજમાં તાજી રાખવા માટે પ્રયત્ન કરવો પડે છે, અને હંમેશા એવું શક્ય પણ નથી કે તમે આખિરતના ઇન્કાર કરનારા ન હોવા છતાં દુનિયામાં એ પદ્ધતિ ઉપર અમલ કરવા લાગો જે આખિરતને ભૂલીને દુનિયાને ધ્યેય બનાવીને વર્ણન કરનારાઓની રીત છે. આનું કારણ આ છે કે આખિરત અનુભવી ન શકાય તેવી વસ્તુ છે જે મૃત્યુ પછી સામે આવવાની છે. આ દુનિયામાં આપણે એનો અને એના સારા-નરસા પરિણામોનો આભાસ માત્ર માનસિક ધ્યાન દ્વારા જ કરી શકીએ. આનાથી ઊલ્ટું દુનિયા એક અનુભવી શકાય તેવી વસ્તુ છે જે પોતાની કડવાશ અને મીઠાશ કાયમ આપણને ચખાડતી રહે છે અને જેના સારા-નરસા પરિણામ હરઘડી આપણી સામે આવીને આપણને છેતરતા રહે છે કે અસલ પરિણામ બસ આ જ છે. આખિરત બગડે તો તેની થોડીક કડવાશ આપણને માત્ર હૃદયમાં છુપાયેલા અંતરાત્મામાં અનુભવાય છે, એ પણ ત્યારે જ જ્યારે તે જીવંત હોય, પરંતુ દુનિયા બગડે તો તેની પીડા આપણું એકેએક રૂંવાડું અનુભવે છે અને આપણાં બાળકો, સ્નેહિઓ, મિત્રો, સંબંધીઓ, ઓળખીતા અને સમાજના સામાન્ય લોકો, બધા મળીને એને અનુભવે છે અને અનુભવ કરાવે છે. આવી જ રીતે આખિરત સુધરે તો તેની ઠંડકનો અનુભવ આપણને હ્રદયના એક ખૂણા સિવાય ક્યાંય થતો નથી અને ત્યાં પણ ત્યારે જ અનુભવાય છે જ્યારે ગફલતે હ્રદયના એ ખૂણાને અચેતન ન બનાવી દીધો હોય. પરંતુ પોતાની દુનિયાનો સુધાર આપણા સમસ્ત અસ્તિત્વ માટે લિજ્જત

આપનારૂં બની જાય છે, આપણી તમામ ઈન્દ્રીયો એને અનુભવે છે અને આપણું સમગ્ર વાતાવરણ એને અનુભવવામાં સામેલ થઈ જાય છે, આ જ કારણ છે કે આખિરતને એક અકીદા તરીકે સ્વીકારવી બહુ મુશ્કેલ નહીં લાગે પરંતુ એની ઉપર વિચાર, નૈતિક્તા અને અમલના તમામ તંત્રનો પાયો બનાવીને જીવનભર કામ કરવું ઘણું જ મુશ્કેલ છે. અને દુનિયાને જીભથી તુચ્છ કહી દેવી ભલે બહુ સહેલું હોય પરંતુ દિલમાંથી એનો મોહ અને વિચારમાંથી એની તલપ કાઢીને ફેંકી દેવી કોઈ આસાન વાત નથી. આ કેફિયત ઘણાં પ્રયત્ન પછી પ્રાપ્ત થાય છે અને સતત પ્રયત્ન કરતા રહેવાથી જ ટકી શકે છે.

આખિરતની ચિંતા કેળવવાની રીતો

તમે પૂછશો કે આ પ્રશ્ન કેવી રીતે કરીએ અને કઈ વસ્તુઓની મદદ લઈએ ? હું કહીશ કે આની પણ બે રીતો છે એક વિચારસરણીની રીત અને બીજી અમલની રીત.

વિચારસરણીની પદ્ધતિ એવી છે કે ફક્ત **આમન્તુ બિલયોમિલ આખિરિ (હું ઈમાન લાવ્યો આખિરતના દિવસ ઉપર)** બોલીને સંતોષ ન માની લો બલ્કે કુર્આનને સમજીને પઢવાની ટેવ પાડો જેનાથી ધીમે ધીમે તમને આખિરતની દુનિયા, દુનિયાના આ પડદાની પાછળ વિશ્વાસની આંખોથી દેખાવા લાગશે. કુર્આનનું કદાચ એકેય પાનું એવું નથી જેમાં કોઈ ને કોઈ રીતે આખિરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય, ઠેક-ઠેકાણે તમને આ આખિરતની દુનિયાનો નક્શો એટલી બધી વિગતો સાથે જોવા મળશે કે જાણે કોઈ ત્યાંનો આંખો દેખ્યો અહેવાલ આપી રહ્યો હોય, બલ્કે ઘણી જગ્યાએ તો આ ચિત્રણ એવી અજબ રીતે કરવામાં આવ્યું છે કે વાચક થોડા સમય માટે પોતાને ત્યાં જ પહોંચી ગયેલો અનુભવવા લાગે છે અને માત્ર એટલી જ કમી રહી જાય છે કે આ ભૌતિક દુનિયાનો આછો પડદો સામેથી સહેજ ખસી જાય તો માણસ સગી આંખે એ બધું જોઈ લે જે શબ્દોમાં વર્ણવવામાં આવી રહ્યું છે. તેથી કુર્આનને નિયમિતતાપૂર્વક સમજીને વાંચતા રહેવાથી ધીમે ધીમે માણસને એ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે કે તેના માનસ ઉપર આખિરતનો ખ્યાલ છવાઈ જાય અને તે હરઘડી એમ અનુભવવા લાગે કે તેનું કાયમી ઠેકાણું મૃત્યુ પછીની દુનિયા છે જેના માટે તેણે દુનિયાના આ હંગામી જીવનમાં તૈયારી કરવાની છે.

આ માનસિક સ્થિતિ હદીસના અભ્યાસથી વધુ મજબૂત થાય છે જેમાં વારંવાર મૃત્યુ પછીના જીવનના પ્રસંગો બિલ્કુલ આંખો દેખ્યો અહેવાલ અપાતો હોય તેમ સામે આવે છે અને આ પણ ખબર પડે છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના સહાબાએ કિરામ રદી. કેવી રીતે આખિરતમાં વિશ્વાસથી તરબોળ રહેતા હતા.

પછી આ હાલતને આગળ વધારવામાં વધુ સહાય કબરોની મુલાકાતોથી મળે છે જેનો એક માત્ર આશય નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે આ દર્શાવ્યો છે કે માણસને પોતાની મોત યાદ રહે અને તે દુનિયાની આ છેતરામણી વસ્તુઓ સાથે વ્યસ્ત રહીને આ વાતને ન ભૂલી જાય કે છેવટે તેણે જવાનું તો ત્યાં જ છે જ્યાં બધા ગયાં છે અને દરરોજ જઈ રહ્યાં છે. અલબત્ત આટલું યાદ રહેવું જોઈએ કે આ હેતુ માટે એ મઝારો સૌથી ઓછા ઉપયોગી છે જેને આજે બગડેલા લોકોએ જરૂરતો માંગવાના અને સંકટ-નિવારણના કેન્દ્રો બનાવી લીધાં છે. આની જગ્યાએ તમે અજાણી કબરોની ઝિયારત કરીને વધુ ફાયદો ઉઠાવી શકો છો અથવા પછી બાદશાહોના એ શાનદાર મકબરા જોઈને જેમની આસપાસ ક્યાંય કોઈ પહેરો ભરનાર કે દરવાન દરબારી કાનૂન શીખવાડનાર નથી.

આના પછી હવે અમલની પદ્ધતિ લો. તમને દુનિયામાં રહીને તમારા કૌટુંબિક જીવનમાં, તમારા મહોલ્લા અને બિરાદરીની જિંદગીમાં, તમારા વહેવારો અને ધંધાના કામોમાં, અર્થાત્ ચારે તરફ હરપળ ડગલે ને પગલે એવા બે માર્ગો મળે છે જેમાંથી એક રસ્તા તરફ જવું આખિરત પર ઈમાનનો તકાદો હોય છે અને બીજા માર્ગ તરફ જવું દુનિયાપરસ્તીનો તકાદો. આવા દરેક પ્રસંગે પૂરો પ્રયત્ન કરો કે જેથી તમારા કદમ પહેલા જ રસ્તા તરફ જ આગળ વધે, અને જો મનની નબળાઈ કે ગફલતના કારણે ક્યારેક તમે બીજા રસ્તા તરફ ચાલી નીકળ્યા હોવ તો તેનું ભાન થતાં જ પાછા વળવાની કોશિશ કરો, ભલેને ગમે તેટલી દૂર પહોંચી ગયા હોવ. પછી થોડા થોડા સમયાંતરે પોતાનો હિસાબ લઈને જોતા રહો કે કેટલા પ્રસંગોએ દુનિયા તમને આકર્ષવામાં સફળ થઈ અને કેટલી વખત તમે આખિરતની તરફ ખેંચાવવામાં સફળ થયાં. આ સમીક્ષા તમને પોતે જ માપીને બતાવતી રહેશે કે તમારી અંદર આખિરતની વિચારધારા કેટલા પ્રમાણમાં વિકાસ પામી છે અને હજુ કેટલી ઉણપ પૂરી કરવાની છે. જે ઉણપ તમને લાગે, તેને જાતે જ દૂર કરવાનો પ્રયાસ કરો. બાહ્ય મદદ તમને બહુ બહુ તો એટલી થઈ શકે કે દુનિયાપરસ્ત

લોકોને છોડીને એવા નેક માણસો સાથે સંબંધ વિકસાવો જે તમારી જાણ મુજબ દુનિયા ઉપર આખિરતને પસંદગી આપનારા હોય. પરંતુ યાદ રાખો કે આજ સુધી કોઈ એવો ઉપાય શોધી શકાયો નથી જે તમારી અંદર તમારા પોતાના પ્રયત્ન વિના કોઈ પણ ગુણને ઘટાડી શકે અથવા એવો કોઈ નવો ગુણ તમારી અંદર પેદા કરી શકે જેની ચાહના તમારી પ્રકૃતિમાં મૌજૂદ ન હોય.

૩. મિથ્યાભિમાનથી દૂર રહેવું

મિથ્યાભિમાનના ભયસ્થાનો :

ત્રીજી વાત જેની હું તમને શિખામણ આપું છું તે એ છે કે છેલ્લા કેટલાક વરસના સતત પ્રયત્ન પછી જે કંઈ સુધારો તમારા અંગત ચારિત્ર્યમાં, તમારા સામાજિક વ્યવહારમાં અને તમારી જમાઅતમાં આવ્યો છે તેના માટે ગર્વની ભાવના તમારા દિલમાં કદાપિ પેદા ન થાય. તમે ન તો વ્યક્તિગત રીતે, ન તો એક જમાઅતની હેસિયતથી જ, ક્યારેય એવી ગેરસમજમાં પડતાં નહીં કે અમે હવે પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી છે, જે બનવું હતું તે બની ગયાં છીએ, કોઈ વધારાની નિપૂણતા એવી જરૂરી રહી નથી જે અમારે પ્રાપ્ત કરવાની હોય.'

મને અને જમાઅતના બીજા હોદ્દેદારોને ઘણી વખત એક અજમાયશનો સામનો કરવો પડે છે. ઘણાં સમયથી ઘણાં લોકો જમાઅતે ઇસ્લામીની, અને હકીકતમાં એ આંદોલનની જેના માટે કામ કરવા જમાઅત ઊઠી છે, તેની કદર ઘટાડવા માટે એવી વાત ફેલાવી રહ્યાં છે કે આ જમાઅત તો માત્ર એક રાજકીય જમાઅત છે. અન્ય રાજકીય પક્ષોની જેમ કામ કરી રહી છે, આની અંદર મનની શુદ્ધિ (તઝ્કિયએ નફ્સ) અને રૂહાનિયતનું કોઈ નામ-નિશાન જ નથી. આમાં તઅલ્લુક બિલ્લાહ અને ફિક્રે-આખિરતનો અભાવ છે, આના સંચાલકો ખુદ માટીપગા છે, ન તો તેમણે કોઈ ખાનકાહમાંથી તકવા અને અહેસાનની તાલીમ મેળવી છે, ન તો આના સભ્યોને આવી તાલીમ મળવાની કોઈ સંભાવના જ છે. આ વાતો એટલા માટે કહેવામાં આવે છે કે જેથી જમાઅતે ઇસ્લામીના કાર્યકરોમાં અને આની અંદર રસ ધરાવતા લોકોમાં આના પ્રત્યે નિરાશા ફેલાય અને પછી તેઓ પાછા એમના એ મથકો સાથે જોડાઈ જાય જ્યાં કુફ્રના છાંયડા આધિન ઇસ્લામની કોઈ ગૌણ સેવાને બહુ મોટી વસ્તુ સમજવામાં આવી રહી છે. જ્યાં સંપૂર્ણ દીનને એક જીવન-વ્યવસ્થાની જેમ કાયમ કરવાનો અને તેને સર્વોપરી બનાવવાનો વિચાર પણ મોજૂદ નથી. બલ્કે જ્યાં પણ આ ખ્યાલ રજૂ પણ કરવામાં આવ્યો છે ત્યાં જાતજાતની વાતો દ્વારા આને એક બિનધાર્મિક ખ્યાલ સાબિત કરવાનો પ્રયાસ

કરવામાં આવ્યો છે અને આને એવી રીતે ટોણો મારવામાં આવ્યો છે કે જાણે અસત્ય અને અનિષ્ટની સામે ઈસ્લામને સર્વોપરી વ્યવસ્થા બનાવવાનો વિચાર જ એક ભૌતિકવાદી વિચાર છે. આવી સ્થિતિમાં અમને લાચારી સાથે ખાનકાહના તઝ્કિયએ નફ્સ તથા ઈસ્લામી તઝ્કિયએ નફ્સનો તફાવત સ્પષ્ટ કરવો પડ્યો છે અને બતાવવું પડ્યું છે કે એ સાચા તકવા અને અહેસાન શું છે જે ઈસ્લામમાં ઈચ્છનીય છે, અને તે એ ચલણી તકવા અને અહેસાનથી કેટલી હદે ભિન્ન છે જેની તાલીમ આપણે ત્યાં દીનદારીની કળાના નિષ્ણાતો આપે છે. આની સાથે અમારે જમાઅતે ઈસ્લામીની સુધારણા તથા તાલીમની રીતો તેમજ તેના પરિણામોને પણ સાફ સાફ રીતે વર્ણવવા પડ્યા છે જેથી દીનની સાચી લાગણી ધરાવનાર કોઈ પણ માણસ પોતે જ સમજી લે કે જમાઅતે ઈસ્લામીની અસર ગ્રહણ કર્યા પછી આરંભના તબક્કાના માણસની અંદર તકવા અને અહેસાનની જે સાચી કેફિયત પેદા થવા માંડે છે તે જીવનભર તઝ્કિયએ નફ્સની તાલીમ લીધા પછી, બલ્કે તાલીમ આપનારાઓમાં પણ દેખાતી નથી.

આ વાતો અમારે મજબૂરી સાથે અમારા વિરોધીઓના અન્યાયોના કારણે કહેવી પડે છે, નહીં કે અમારા બચાવ માટે, બલ્કે ઈસ્લામી આંદોલનને બચાવવા માટે કહેવી પડે છે. પરંતુ આ વાતો કહેતી વખતે અમે અલ્લાહની પનાહ માગીએ છીએ કે ક્યાંક આ વાત અમારી અંદર અને અમારા સાથીઓમાં ગર્વ તથા મોટાઈનો ખોટો ખ્યાલ પેદા ન કરી દે કેમકે જો ખુદા ન કરે આ ખોટી ગર્વ-ભાવના અમારી અંદર પેદા થઈ જાય તો અમે આજ સુધી જે કંઈ મેળવ્યું છે તે પણ ગુમાવી બેસીશું.

સુરક્ષિત રહેવાનો ઉપાય :

આ ભયસ્થાનથી બચવા માટે હું ઈચ્છું છું કે ત્રણ હકીકતો તમે સારી રીતે સમજી લો અને એમને ક્યારેય ભૂલો નહીં.

પહેલી વાત આ છે કે પૂર્ણતા એક અનંત વસ્તુ છે જેની આખરી હદ આપણી નજરથી અદૃશ્ય છે. માણસે તો આટલું જ કરવાનું છે કે સતત એની ઊંચાઈઓ પર ચઢવાની કોશિશ કરતો રહે અને કોઈ પણ ઠેકાણે પહોંચીને એવું ન માની લે કે તે પૂર્ણ થઈ ગયો છે. જે ઘડીએ માણસને આ ગેરસમજ થાય છે તે જ ઘડીએ તેનો વિકાસ તત્કાળ રોકાઈ જાય છે, અને માત્ર રોકાઈ જ જતું નથી, બલ્કે તેની પડતી શરૂ થઈ જાય છે. યાદ રાખો કે શિખરો સર કરવા માટે જ નહીં બલ્કે ઉચ્ચ સ્થાનો ઉપર ટકવા માટે પણ સતત પ્રયત્નોની જરૂર છે. અને આ પ્રયત્ન

જેવો બંધ થાય કે તરત જ પતનનું આકર્ષણ માણસને નીચે ખેંચવા માંડે છે. એક સમજદાર માણસે ક્યારેય નીચે નમીને જોવું ન જોઈએ કે તે કેટલો ચઢી ચૂક્યો છે. તેણે ઉપર જ જોવું જોઈએ કે જે શિખરો હજુ ચઢવાના બાકી છે તે તેનાથી કેટલી હદે દૂર છે.

બીજી વાત આ છે કે ઈસ્લામે આપણી સમક્ષ માનવતાનું એટલું ઊંચું ધોરણ મૂક્યું છે કે જેની આરંભિક મંઝિલો પણ બિન-ઈસ્લામી ધર્મો અને જીવનવ્યવસ્થાઓના પૂર્ણતાના ધોરણો કરતાં ઊંચી છે. અને આ કોઈ કાલ્પનિક ધોરણો નથી બલ્કે દુનિયામાં નબીઓ અલૈહિસ્સલામ અને આગળ પડતા સહાબીઓ તેમજ ઉમ્મતના સાલેહ લોકોના જીવન એની ઊંચાઈઓ તરફ નિર્દેશ કરી રહ્યાં છે. આ ધોરણોને તમે હંમેશાં નજર સમક્ષ રાખો. આ તમને પૂર્ણતાના ખોટા ખ્યાલથી બચાવશો, પોતાના નીચા સ્થાનનો અહેસાસ દેવડાવશે અને પ્રગતિના પ્રયત્નો કરવા માટે હંમેશાં એટલા શિખરો તમારી સામે મૂકતો રહેશે કે જીવનભરના અથાક પ્રયત્નો પછી પણ તમને એવું જ લાગશે કે હજુ ઘણી મંઝિલો કાપવાની બાકી છે. પોતાની આસપાસના મરવા પડેલા રોગીઓને જોઈને પોતાની થોડીક તંદુરસ્તી પર ગર્વ ન કરો. અખ્લાક અને રૂહાનિયતના એ પહેલવાનો ઉપર નજર રાખો જેમની જગ્યાએ આજે તમે શેતાન સાથે મુકાબલો કરવા માટે અખાડામાં ઊતર્યા છો. મો'મિનનું કામ એટલું છે કે દીનની દૌલતના મામલામાં તે હંમેશા પોતાનાથી ઊંચા લોકો તરફ જુએ જેથી આ દૌલત કમાવવાનો મોહ ક્યારેય તેની અંદર મંદ ન પડે અને દુનિયાની દૌલતના મામલામાં હંમેશાં પોતાનાથી ઊતરતા લોકો તરફ જુએ કે જેથી જે કંઈ તેના રબે તેને આપ્યું છે, તે બદલ તે અલ્લાહનો આભાર માને અને ધન-દૌલતની તરસ થોડાથી જ મટી જાય.[1]

---

[1] બરાબર આ જ વિષય છે એ હદીસનો છે જેમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે :

'જેણે પોતાના દીનના મામલામાં પોતાનાથી ઉપરવાળાને જોયો અને તેના અનુસરણમાં આગળ વધ્યો તથા પોતાની દુનિયાના મામમલામાં પોતાનાથી ઉતરતા ને જોયો અને અલ્લાહની કૃપા બદલ આભાર માન્યો તે અલ્લાહને ત્યાં ધીરજવાન અને આભારી તરીકે નોંધાયો. આનાથી વિરૂદ્ધ જેણે પોતાના દીનની બાબતમાં પોતાનાથી ઉતરતાને અને દુનિયાના મામલામાં પોતાનાથી ઊંચાને જોયો તથા દુનિયામાં જે કમી રહી ગઈ તેના માટે અફસોસ કર્યો તે અલ્લાહને ત્યાં ન આભારી લખાયો અને ધીરજવાળો.'

૪. આસપાસના વાતાવરણની સુધારણા

ઘરની સુધારણા :

આ પછી હું તમને આ પણ શિખામણ આપું છું કે તમે પોતાના બાળકો અને કુટુંબીજનોની સુધારણા ઉપર ખાસ ધ્યાન આપો. **'કૂ અન્ફુસકુમ વ અહલીકુમ નારા'** (બચાવો પોતાને અને પોતાના કુટુંબીજનોને તે આગથી) જે બાળકો માટે અને જે પત્નીઓ માટે તમને ભરણ-પોષણની ચિંતા થાય છે એમના માટે તમને સૌથી વધારે ચિંતા એ વાત માટે હોવી જોઈએ કે તેઓ જહન્નમનું ઈંધણ બનવા ન પામે. તમારે પોતાની શક્તિ મુજબ એમની આખિરત સુધારવા અને એમને જન્નતના રસ્તે નાખવાની કોશિશ કરવી જોઈએ. પછી જો ખુદા ન કરે ને આમાંથી કોઈ બગડી જાય તો તમારી કોઈ જવાબદારી નથી. કહેવાનો મતલબ કે તેની આખિરત બગડે તેમાં તમારો કોઈ ફાળો ન હોય. ઘણી વખત મારી પાસે આ પ્રકારની ફરિયાદો આવતી રહે છે કે જમાઅતના સાથીઓ જેટલી લોકોને સુધારવાની વાતો કરે છે એટલી ચિંતા પોતાના બાળકો અને કુટુંબીજનોની નથી કરતા. હોઈ શકે કે કેટલાક લોકોની બાબતમાં આ ફરિયાદો સાચી હોય. પણ આવી બાબતમાં એક એક માણસની અલગ અલગ તપાસ કરવી મારા માટે મુશ્કેલ છે. તેથી હું અહીં આ બાબતમાં સામાન્ય શિખામણ આપી સંતોષ માનું છું. આપણા સૌની ઈચ્છા હોવી જોઈએ અને સાથોસાથ એવા પ્રયત્ન પણ, કે દુનિયામાં જે જે લોકો આપણને વ્હાલાં છે એમને સલામતીના રસ્તા ઉપર જોઈને આપણી આંખો ઠરે. **રબ્બના હબ્લના મિન અઝ્વાજિના વ ઝુર્રિયાતિના કુર્રત અય્યુનિંવ વજઅલ્ના લિલ મુત્તકીન ઈમામા.** "હે અમારા રબ ! અમને પોતાની પત્નીઓ અને પોતાના સંતાનોથી આંખોની ઠંડક આપ અને અમને સંયમીઓના આગેવાન બનાવ." (સૂરઃ ફુરકાન-૭૪)

આ બાબતમાં સાથીઓ એકબીજાના જીવનમાં રસ લે અને માત્ર પોતાના બાળકોને જ નહીં બલ્કે સાથીઓના બાળકોને પણ સુધારવામાં ભાગ લે.

અનેક વખત એવું બને છે કે એક બાળક પોતાના બાપની અસર સ્વીકારતું નથી પરંતુ પિતાના મિત્રોની અસર ગ્રહણ કરી લે છે.

પરસ્પર સુધારણા :

હું તમને આ પણ શીખ આપું છું કે તમે તમારી સુધારણાની સાથે પરસ્પર પણ એકબીજાની સુધારણા કરો. જે લોકો અલ્લાહ વાસ્તે કલ્મએહક્કને વિજયી બનાવવા માટે એક જમાઅત બને એમણે એકબીજાના સહાયક અને હમદર્દ થવું જોઈએ. એમણે આ વાત સમજવી જોઈએ કે તેઓ પોતાનો મહાન ધ્યેય સિદ્ધ કરી શકતા નથી જ્યાં સુધી એમની જમાઅત સમગ્ર રીતે નીતિમત્તા અને શિસ્તની બાબતમાં મજબૂત ન હોય અને આની સભાનતાનું પરિણામ આ હોવું જોઈએ કે તેઓ બધા એકબીજાની તાલીમમાં મદદગાર બને અને એમાંથી દરેક બીજાને ટેકો આપીને અલ્લાહના માર્ગ ઉપર આગળ વધારવાનો પ્રયત્ન કરે. ઈસ્લામમાં સામૂહિક શુદ્ધિની રીત આ જ છે કે હું પડતો દેખાઉ તો તમે દોડીને મને પડવાથી બચાવી લો અને તમે ડગમગી રહ્યા હોવ તો હું આગળ વધીને તમારો હાથ પકડી લઉં. મારા ચારિત્ર્ય ઉપર કોઈ ડાઘ દેખાય તો તમે એને દૂર કરો અને તમારું ચારિત્ર્ય ખરડાઈ રહ્યું હોય તો હું તેને સ્વચ્છ કરૂં. જે વસ્તુમાં મારી સફળતા અને ભલાઈ તમને લાગે તે તમે મારા સુધી પહોંચાડો, અને જે વસ્તુમાં તમારી દુનિયા અને આખિરતનો સુધાર મને લાગે તે હું તમારા સુધી પહોંચાડું. ભૌતિક જગતમાં જ્યારે લોકો એકબીજા સાથે લેવડ-દેવડ કરે છે ત્યારે સમગ્ર રીતે બધાની સમૃદ્ધિમાં વધારો થાય છે. એવી જ રીતે નૈતિક્તા અને રૂહાનિયતની દુનિયામાં પણ જ્યારે આમ પરસ્પર સહકાર અને આપ-લેનો રિવાજ અમલમાં મૂકાઈ જાય છે ત્યારે સમસ્ત જમાઅતની મૂડી વધતી જાય છે.

પરસ્પર સુધારણાની રીત :

પરસ્પર સુધારણાની સાચી રીત એ છે કે જે માણસની વાત તમને બરાબર ન લાગે અથવા જેની સામે તમને ફરિયાદ હોય તેના મામલામાં ઉતાવળા ન થાવ બલ્કે પહેલાં તેને બરાબર રીતે સમજવાનો પ્રયત્ન કરો, પછી વહેલામાં વહેલી તકે જાતે જ એ માણસની મુલાકાત લઈ અલગ લઇ જઇ એકાંતમાં એની સાથે વાત કરો. આનાથી જો સુધારો ન થાય અને આ મામલો તમારી દૃષ્ટિએ મહત્ત્વનો હોય તો આ બાબત પોતાના ઇલાકાના

અમીરે જમાઅતના ધ્યાન ઉપર લાવો. પહેલાં તે પોતે સુધારણાનો પ્રયાસ કરે અને પછી જરૂર જણાય તો જમાઅતના ઈજતેમામાં એને રજૂ કરે. આ આખાય સમયગાળામાં આ મામલાનો ઉલ્લેખ અસંબદ્ધ લોકો સામે કરવો અને સંબંધિત માણસની ગેરહાજરીમાં એની ચર્ચા કરવી સ્પષ્ટપણે નિંદા છે જેનાથી બિલકુલ દૂર રહેવું જોઈએ. આ ઉપરાંત આવી બાબતોમાં કેન્દ્રસ્તરે વાત લઈ જવી ત્યાં સુધી બરાબર નથી જ્યાં સુધી મુકામી જમાઅતને સુધારણાના પ્રયાસમાં નિષ્ફળ જતાં કેન્દ્રીય સંચાલનની મદદ લેવાની જરૂર ન લાગે.

સામૂહિક ટીકા અને તેની સાચી રીત :

પરસ્પર એકબીજાની ભૂલો અને નબળાઈઓની ટીકા પણ સામૂહિક સુધારણાની એક ઉપયોગી રીત છે. પરંતુ ટીકાની સાચી સીમાઓ અને તેના કાયદાને ધ્યાનમાં ન રાખવાથી મોટું નુકસાન પણ થઈ શકે છે. તેથી હું વિગતવાર બતાવી દેવા માગું છું કે ટીકાની સીમાઓ અને શિષ્ટાચાર શું છે.

૧. ટીકા હંમશાં અને ગમે તેની હાજરીમાં ન થવી જોઈએ બલ્કે માત્ર ખાસ બેઠકોમાં અમીરે જમાઅતની સૂચનાથી અથવા તેની પરવાનગી લઈને કરવી જોઈએ.

૨. ટીકા કરનાર અલ્લાહને હાજર-નાજર સમજીને પહેલાં પોતે પોતાની દિલની હાલત તપાસીને જોઈ લે કે તે નિખાલસ અને શુભભાવનાની લાગણીથી પ્રેરાઈને ટીકા કરી રહ્યો છે કે પછી તેની પાછળનો આશય મનેચ્છાની કોઈ લાગણી છે. જો પહેલી હાલત હોય તો નિઃશંક ટીકા કરો, નહીં તો મોઢું બંધ રાખીને પોતે પોતાના નફ્સને આ અશુદ્ધિથી બચાવવાની ચિંતા કરવી જોઈએ:

૩. ટીકાની ઢબ અને ભાષા બંને એવાં હોવા જોઈએ જેનાથી દરેક સાંભળનારને એમ લાગે કે તમે હકીકતમાં સુધારણા કરવા માગો છો.

૪. ટીકા માટે જબાન ઉપાડતાં પહેલાં આટલી ખાત્રી કરી લો કે તમારા વાંધાનો આધાર હકીકત છે. તપાસ કર્યા વિના કોઈની વિરુદ્ધ ગમેતેમ બોલવું ગુનો છે જેનાથી બગાડ જન્મે છે.

૫. જે માણસની ટીકા કરવામાં આવે તેણે સહનશીલતા સાથે વાત

સાંભળવી જોઈએ, ન્યાયપૂર્વક તેની ઉપર વિચાર કરવો જોઈએ, જે વાત સત્ય હોય તેને સીધી રીતે કબૂલ કરવી જોઈએ, અને જે વાત ખોટી હોય તેનું દલીલપૂર્વક ખંડન કરવું જોઈએ. ટીકા સાંભળીને ઉશ્કેરાઈ જવું એ મનમાં રહેલા ઘમંડની નિશાની છે.

૬. ટીકા અને ટીકાના જવાબ તેમજ જવાબના જવાબનો ક્રમ એટલો લાંબો ન ચાલવો જોઈએ કે જેથી તે કાયમી ઝઘડો બની જાય. વાત માત્ર ત્યાં સુધી હોવી જોઈએ જ્યાં સુધી બંને પક્ષના જુદાજુદા પાસાં સ્પષ્ટપણે સામે ન આવી જાય. આના પછી જો મામલાનો નિકાલ ન આવે તો વાતચીત થોભાવી દો જેથી પક્ષકારો શાંત ચિત્તે પોતપોતાની જગ્યાએ વિચાર કરી શકે. પછી જો હકીકતમાં આનો ખુલાસો કરવો જરૂરી બની જ જાય તો બીજા ઈજતેમામાં ફરીથી આ ચર્ચા ઉપાડી શકાય. આમ, તમારી જમાઅતની વ્યવસ્થામાં એક જગ્યા તો એવી હોવી જોઈએ જ્યાં મતભેદવાળા મામલાઓનો આખરી નિર્ણય થાય અને જ્યાં ફેંસલો થઈ ગયા પછી ઝઘડો પતી જાય.

આ સીમાઓની હદમાં રહીને જે ટીકા કરવામાં આવે તે માત્ર ફાયદાકારક છે એટલું જ નહીં બલ્કે જમાઅતી જીવનને સ્વસ્થ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. આના વિના કોઈ જમાઅત લાંબા સમય સુધી સાચા માર્ગ ઉપર ચાલી શકતી નથી. આ ટીકાથી કોઈ પણ પર ન હોવો જોઈએ, પછી તે તમારો અમીર હોય, મજલિસે શૂરા હોય, કે પછી સમગ્ર જમાઅત હોય. હું આને જમાઅતની સ્વસ્થતા ટકાવવા માટે અનિવાર્ય માનું છું અને મને ખાત્રી છે કે જે દિવસે ખુદા ન કરે, આપણી જમાઅતમાં ટીકાનો દરવાજો બંધ થઈ ગયો એ જ દિવસે આપણા બગાડનો દરવાજો ઉઘડી જશે. આટલા જ માટે હું શરૂથી દરેક ખુલ્લા ઈજતેમા પછી જમાઅતના સભ્યોનો એક ઈજતેમા' આ હેતુ માટે રાખતો આવ્યો છું કે આ જમાઅતના કામ અને તેની વ્યવસ્થાની સંપૂર્ણ ટીકાત્મક સમીક્ષા કરવામાં આવે. આવા ઈજતેમાઓમાં સૌની પહેલાં હું પોતાને ટીકા માટે રજૂ કરૂં છું જેથી જેને મારી સામે કોઈ વાંધો હોય તો તે તેને બધાંની હાજરીમાં ખચકાટ વિના રજૂ કરે અને તેની ટીકાથી કાં તો મારી સુધારણા થઈ જાય અથવા મારા જવાબથી તેની જેમ વિચારતા બીજા લોકોની ગેરસમજ દૂર થઈ જાય. એવો

જ એક ઇજતેમા ગઈકાલે રાત્રે યોજાઈ ગયો છે જેમાં ખુલ્લી અને સ્વતંત્ર ટીકાનું દશ્ય તમામ સાથીઓ જોઈ ચૂકયાં છે. મને આ જાણીને બહુ નવાઈ લાગી કે આ દશ્ય આપણા કેટલાક નવા સાથીઓ, કે જેમને માટે આવા દશ્યો જોવાનો પહેલો જ મોકો હતો, તેમને માટે આઘાતજનક પુરવાર થયો. કોણ જાણે એમણે કઈ દષ્ટિથી જોયું કે એમને આઘાત પહોંચ્યો. સમજદારીની નજરથી જોયું હોત તો તેમના દિલમાં જમાઅતની કદર પહેલાં કરતાં વધી જાત કારણ કે આ ધરતી ઉપર જમાઅતે ઇસ્લામી સિવાય બીજી કઈ જમાઅત એવી છે જેમાં ત્રણસો-ચારસો માણસોની સભામાં કલાકો સુધી આવી ખુલ્લી અને સ્વતંત્ર ટીકાઓ થતી હોય અને તેમ છતાં ન તો ખુરશીઓ ઉછળે, ન માથાં ફૂટે, બલ્કે ઇજતેમા પૂરો થાય તો કોઈના પણ દિલમાં કોઈની તરફથી મેલ ન હોય !

૫. આજ્ઞાપાલન અને હુકમ આપવા

આજ્ઞાપાલનની ભાવના વધારવાની જરૂરત :

એક વસ્તુ જેનો અહેસાસ તમને અપાવવાની જરૂર મને લાગે છે તે આ છે કે હજી તમારી અંદર આજ્ઞાપાલન અને શિસ્તનો મોટો અભાવ દેખાય છે. જો કે આપણી આસપાસના વાતાવરણને જોતાં આપણને આપણી અંદર જબરજસ્ત શિસ્ત દેખાય છે, પરંતુ એક તરફ જ્યારે આપણે ઇસ્લામી ધોરણોના તકાદાને જોઈએ છીએ અને બીજી તરફ આ મુશ્કેલ કામને જોઈએ છીએ જે આપણે કરવાનું છે તો સાચું આ છે કે આપણી અત્યારની શિસ્ત ખૂબ જ ઓછી લાગે છે.

તમે ખૂબ ઓછા માણસો છો, જે મર્યાદિત સાધનો સાથે મેદાનમાં ઊતર્યા છો અને કામ તમારી સામે આ છે કે દુરાચાર અને અજ્ઞાનતાની હજ્જારોગણી શક્તિ સામે અને લાખોગણા વિપુલ સાધનો સામે માત્ર બાહ્ય જીવન-વ્યવસ્થાને જ નહીં પણ તેની અંદરના આત્માને પણ તબદીલ કરી નાખો, તમે ભલે સંખ્યાની દૃષ્ટિએ જુઓ કે સાધનોની દૃષ્ટિએ તમારી અને એમની વચ્ચે કોઈ સંબંધ જ નથી. હવે તમારી પાસે નૈતિકતા અને શિસ્તની તાકાત સિવાય બીજી કઈ શક્તિ છે જેની પાસે તમે તેની સામે પોતાના વિજયની આશા રાખી શકો ? તમારી ઈમાનદારી અને પ્રમાણિક્તાની છાપ તમારા વાતાવરણ ઉપર પડેલી હોય અને તમારી શિસ્ત એવી જબરજસ્ત હોય કે જમાઅતના હોદ્દેદારો જે વખતે, જે મુદ્દા ઉપર જેટલી શક્તિ ભેગી કરવા ઇચ્છે માત્ર એક ઇશારાથી કરી શકે તો જ તમે તમારા મહાન ધ્યેયમાં સફળ થઈ શકો છો.

આજ્ઞાપાલનની શરઈ (ઈસ્લામી કાનૂન મુજબની) હેસિયત :

ઇસ્લામી દૃષ્ટિકોણથી દીનની સ્થાપનાનો પ્રયાસ કરનારી કોઈ પણ જમાઅતમાં જમાઅતના હોદ્દેદારોનું ભલાઈના કામોમાં આજ્ઞાપાલન હકીકતમાં અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આજ્ઞાપાલનનો એક ભાગ છે. જે માણસ અલ્લાહનું કામ સમજીને આ કામ કરી રહ્યો છે અને અલ્લાહને જ ખાતર જેણે કોઈને પોતાનો અમીર માન્યો છે, તો તે તેના જાઇઝ આદેશોનું પાલન કરીને

હકીકતમાં તેનું નહીં પણ અલ્લાહ અને તેના રસુલ સ.અ.વ.નું આજ્ઞાપાલન કરે છે, જેટલા પ્રમાણમાં અલ્લાહ સાથે અને તેના દીન સાથે માણસનો સંબંધ વધુ હશે એટલા જ પ્રમાણમાં તે આજ્ઞાપાલનની બાબતમાં આગળ હશે અને આ સંબંધમાં જેટલી ઉણપ હશે એટલા જ પ્રમાણમાં આજ્ઞાપાલનમાં પણ ઉણપ હશે. આનાથી મોટી કદર કરવાને લાયક કુર્બાની બીજી શું હોઈ શકે કે જે માણસની તમારી ઉપર કોઈ બળજબરી નથી અને જેને માત્ર ખુદા વાસ્તેના કામ માટે તમે અમીર માન્યો છે તેનો હુકમ તમે એક વફાદાર તાબેદારની જેમ માનો અને પોતાની ઇચ્છા, પસંદગી અને પોતાના હિતની વિરુદ્ધ તેના અણગમતા હુકમ સુદ્ધાંને ખુશીથી અમલી બનાવો. આ કુર્બાની કેમકે અલ્લાહને ખાતર છે તેથી આનો બદલો પણ અલ્લાહને ત્યાં ઘણો મોટો છે. આનાથી ઊલ્ટું જે માણસ આ કામમાં જોડાયા પછી પણ કોઈ રીતે નાનો બનવા માટે રાજી જ ન થાય અને આદેશપાલનને પોતાના દરજ્જાથી નીચેની વસ્તુ સમજે, કે પછી આદેશનો ઘા તેના મનની અંદર વાગે તથા બેચેન બને, અથવા પોતાની ઇચ્છાઓ અને હિત વિરુદ્ધ હુકમ માનવામાં આનાકાની કરે, તો તે હકીકતમાં પુરવાર કરે છે કે હજુ તેના મને અલ્લાહની સમક્ષ પૂરેપૂરી રીતે માથું નમાવ્યું નથી અને હજુ તેના અહંકારે પોતાના દાવા પડતા મૂકયા નથી.

હોદ્દેદારોનું વલણ કેવું હોવું જોઈએ ?

જમાઅતના સભ્યોને આદેશપાલનની શિખામણ આપવાની સાથે હું જમાઅતના હોદ્દેદારોને પણ શિખામણ આપવાનું જરૂરી માનું છું કે તેઓ હુકમ ચલાવવાની સાચી રીત શીખે. જે કોઈ માણસને જમાઅતની વ્યવસ્થાની અંદર કોઈ જવાબદારીનો હોદ્દો સોંપવામાં આવે અને અમુક લોકોને તેના હાથ નીચે આપવામાં આવે તો તેના માટે એમ કરવું ક્યારેય યોગ્ય નથી કે તે પોતાને કોઈ મોટી વસ્તુ સમજવા લાગે અને પોતાના હાથ નીચેના સાથીઓ પર ગેરવ્યાજબી રીતે હકૂમત જમાવે. તેને આદેશ આપવામાં મોટાઈનો સ્વાદ નહીં માણવો જોઈએ. તેણે પોતાના સાથીઓ સાથે નમ્રતા અને સલુકાઈથી કામ લેવું જોઈએ. તેણે ડરવું જોઈએ કે ક્યાંક કોઈ સભ્યમાં આજ્ઞાપાલનની ભાવનાનો અભાવ અને હું પણાની લાગણી પેદા કરવાની જવાબદારી ખુદ તેની પોતાની કોઈ ખોટી પદ્ધતિ પર ન આવી જાય. તેણે યુવાનો અને વૃદ્ધો, નબળા અને શક્તિશાળી, સુખી અને નિર્ધન, બધાને એક જ લાકડીથી હંકારવા જોઈએ નહીં બલ્કે જમાઅતના જુદા જુદા લોકોની ખાસ

વ્યક્તિગત લાક્ષણિકતા ઉપર નજર રાખવી જોઈએ અને જે કોઈ જે પ્રકારે પણ યોગ્ય રીતે છૂટછાટ માટે હક્કદાર હોય તેને એવી જ છૂટછાટ આપવી જોઈએ. તેણે જમાઅતને એવી રીતે કેળવવી જોઈએ કે જેથી અમીર જે કંઈ સલાહ સૂચન અપીલના રૂપમાં કહે તેને સાથીઓ તેના હુકમ તરીકે લઈ લે. તેની ઉપર અમલ કરે. આ હકીકતમાં જમાઅતની ભાવનાના અભાવનું પરિણામ છે કે અમીરની અપીલ અસરકારક ન નીવડે અને તેને મજબૂર બની હુકમ આપવાની જરૂરત પડે. હુકમ તો પગારદાર લશ્કરના સૈનિકોને આપવામાં આવે છે. એ સ્વયંસેવક સૈનિકો જે પોતાના દિલની લાગણીથી પ્રેરાઈને ખુદાને ખાતર ભેગા થયા હોય. તેઓ ખુદાના કામમાં પોતે જ બનાવેલા અમીરના હુકમના આશ્રિત હોતા નથી. એમને તો માત્ર એક ઈશારો પૂરતો છે કે અમુક જગ્યાએ તમને પોતાના રબની અમુક સેવા કરવાની તક મળી રહી છે. આ હાલત જે દિવસે જમાઅતના અમીરો અને જમાઅતના સાથીઓની અંદર પેદા થઈ જશે તો તમે જોશો કે અંદરોઅંદરની એ અનેક કડવાશો આપોઆપ ખતમ થઈ જશે જે છાશવારે અમીરો અને તાબેદારો વચ્ચે પેદા થતી રહે છે.

૬. અલ્લાહના માર્ગમાં સંઘર્ષ

આ બાબતમાં મારી છેલ્લી શિખામણ આ છે કે એ તમામ લોકો જેઓ જમાઅતે ઈસ્લામી સાથે છે, તેઓ મુજાહિદા ફી સબીલિલ્લાહ એટલે કે નાણાંકીય અને શારીરિક બલિદાનની લાગણી પોતાની અંદર પેદા કરે, ખુદાના કામને પોતાના અંગત કામો સામે પસંદગી આપે અને એ કામમાં દિલની એ લગન પેદા કરે જે એમને ચેનથી બેસવા ન દે.

તમે પોતે જ મુસલમાન ન બનો બલ્કે પોતાના ખિસ્સાને પણ મુસલમાન બનાવો. આટલું ભૂલો નહીં કે અલ્લાહના હક્કો તમારા શરીર અને જીવ તેમજ તમારા સમય ઉપર જ નથી પણ તમારા પૈસા ઉપર પણ છે. આ હક્ક માટે અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે ઓછામાં ઓછી હદ તો ઠરાવી દીધી છે પરંતુ વધુમાં વધુ કોઈ હદ નક્કી કરી નથી. આ હદ નક્કી કરવાનું કામ તમારૂં છે. પોતાના અંતરાત્માને પૂછો કે અલ્લાહની રાહમાં કેટલો ખર્ચ કરીને તમારા મત મુજબ તમે સાચી રીતે સંતોષ માની શકશો કે તમારા માલ ઉપર ખુદાનો હક્ક હતો તે તમે ચૂકવી આપ્યો છે. આ બાબતમાં કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિનો જજ બની શકે નહીં. શ્રેષ્ઠ ન્યાયધીશ તો દરેકનો પોતાનો અંતરાત્મા અને ઈમાન જ છે. અલબત્ત હું એટલું જરૂર કહીશ કે એ લોકોના વર્તનમાંથી બોધપાઠ ગ્રહણ કરો જે ન તો અલ્લાહને જ માને છે ન તો આખિરતને, તેમ છતાં પણ તેઓ પોતાની જુઠ્ઠી વિચારસરણીઓને ફેલાવવા માટે એવાં એવાં બલિદાન આપે છે જેમને જોઈને આપણને અલ્લાહ અને આખિરતમાં ઈમાન ધરાવનારાઓને શરમ આવવી જોઈએ.

અલ્લાહના દીનની સ્થાપનાના કામમાં સાથીઓને જેટલો ઊંડો રસ હોવો જોઈએ તેમાં પણ મને ઘણી ઉણપ લાગે છે. કેટલાક સાથીઓ તો નિઃશંક બહુ જ મહેનતપૂર્વક કામ કરી રહ્યાં છે જેને જોઈને દિલ ખુશ થઈ જાય છે અને દિલમાંથી એમના માટે દુઆ નીકળે છે પરંતુ મોટાભાગના લોકોમાં હજી સુધી દિલની લગન દેખાતી નથી. અલ્લાહના આદેશોનો છડેચોક ભંગ, અનિષ્ટો અને દૂરાચારોની વૃદ્ધિ અને

અલ્લાહના દીનની વિવશતા જોઈને એક મો'મિનના હૃદયમાં જે આગ લાગવી જોઈએ તેનો તાપ ખૂબ જ ઓછા લોકોમાં જોવા મળે છે. તમને આના માટે ઓછામાં ઓછી એટલી તો બેચેની થવી જોઈએ જેટલી પોતાના બાળકોને બીમાર જોઈને, અથવા પોતાના ઘરમાં આગ લાગવાની સંભાવના જોતાં થાય છે. આ બાબત પણ એવી નથી જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ માટે પ્રવૃત્તિ અને દોડધામની હદ નક્કી કરી શકતી હોય. આનો નિર્ણય તો દરેકે પોતાના અંતરાત્માની સમીક્ષા કરીને જાતે જ કરવાનો છે કે કેટલું કામ કરીને તે વ્યાજબી રીતે એમ માની શકે છે કે સત્યને સ્વીકારી લેવાના તકાદા તેણે પૂરા કર્યાં છે. અલબત્ત તમને બોધપાઠ મળે એટલા માટે એ અસત્યવાદીઓની પ્રવૃત્તિઓ ઉપર એક નજર નાખી લેવી પૂરતી છે જે દુનિયામાં કોઈ ને કોઈ જૂઠા દીનને ફેલાવવામાં લાગેલા છે અને તેના માટે જીવના જોખમે કામ કરી રહ્યાં છે.

૭. વિરોધ

શરમજનક તર્કવિહીન વિરોધ :

હવે હું ટૂંકમાં થોડુંક એ વિરોધ વિષે કહીશ જે હમણાં જમાઅતની વિરુદ્ધ મોટા પાયે શરૂ થયો છે. જ્યાં સુધી દલીલયુક્ત અને તર્કબદ્ધ મતભેદને લાગેવળગે છે, જેનો આશય સમજવું અને સમજાવવું હોય અને જેની પાછળ નેક નિયત સાથે સચ્ચાઈપ્રિયતા કામ કરી રહી હોય તો એવા મતભેદને ન તો અમે ક્યારેય ખરાબ માન્યો છે ન તો ઈન્શાઅલ્લાહ ક્યારેય ખરાબ માનીશું. જ્યારે આપણે પોતે અનેક વખત આ જાતનો મતભેદ બીજાઓ સાથે કર્યો છે તો પછી આપણે બીજાઓના મતભેદના અધિકારનો કેવી રીતે ઇન્કાર કરી શકીએ ? પરંતુ અફસોસની વાત એ છે કે આપણા વિરોધીઓમાંથી બહુ થોડા લોકોએ મતભેદની આ રીત અપનાવી છે. એમના મોટા ભાગના લોકો જે રીતે આપણો વિરોધ કરી રહ્યાં છે તે આ છે કે તેઓ આપણી ઉપર જૂઠા આરોપ મૂકે છે. આપણા નામે ખોટી વાતો કહે છે, આપણા લખાણોને વિકૃત સ્વરૂપ આપીને એમના મનફાવે તેવા અર્થઘટન કરે છે છે અને આ બધું તેઓ આપણી કે લોકોની સુધારણા માટે નહીં પણ એટલા માટે કરે છે કે આપણા માટે સામાન્ય લોકોમાં ગેરસમજ ઊભી કરે અને એક ઈસ્લામી વ્યવસ્થા ઊભી કરવાનો જે પ્રયાસ આપણે કરી રહ્યાં છીએ તેને કોઈ રીતે ચાલવા ન દે.

આ જુઠ્ઠાણા ફેલાવવામાં જુદા જુદા જૂથો સામેલ છે. એક તરફ સત્તાધારી પક્ષના નેતા અને ખબરપત્રીઓ છે જેમને દીનને સ્થાપિત કરવાની ચળવળ ગમતી નથી. બીજી તરફ પાશ્ચાત્ય દુનિયાપરસ્તી, ભૌતિકવાદ અને સ્વચ્છંદતાંના સૂત્રધારો છે જેમને પોતાની વૈચારિક અને વર્તનની સ્વતંત્રતાઓ ઉપર ઈસ્લામી માન્યતાઓ અને નીતિમત્તાના બંધનો જોઈતાં નથી. ત્રીજી તરફ જુદા જુદા પથભ્રષ્ટ જૂથો છે જેમને સખત બીક પેસી ગઈ છે કે જો અહીં ખરેખર એક ઈસ્લામી વ્યવસ્થા લાગુ થઈ તો એમના માટે પોતાની જૂઠાણાઓ ફેલાવવાની તક રહેશે નહીં. ચોથી તરફ સામ્યવાદી બંધુઓ છે જેઓ બરાબર જાણે છે કે એમના માર્ગમાં મોટામાં મોટો

અવરોધ હોય તો તે જમાઅતે ઇસ્લામી છે. આ બધાંનો વિરોધ તો એક હદ સુધી સ્વાભાવિક હતો. અને ન હોત તો મને આશ્ચર્ય થાત ! અને સત્યને જૂઠ વડે દબાવવાની કોશિશ કરવી એમના માટે કોઈ ખરાબ વાત પણ ન હતી. એમની પાસેથી તો આ ચરિત્રની એવી જ અપેક્ષા હતી પરંતુ જે વસ્તુનું દુઃખ આપણી સમસ્ત જમાઅતને છે તે એ છે કે આ વિરોધીઓમાં કેટલાક દેવબંદ અને એહલેહદીસના આલિમો પણ દેખાઈ રહ્યાં છે અને હદ તો એ છે કે જૂઠ અને ફિત્નાખોરીના હથિયારોનો ઉપયોગ કરવામાં આ લોકોએ પોતાના ગુમરાહ સાથીઓને પણ મહાત કરી દીધાં છે. આ આખરી ઘા હકીકતમાં આપણા માટે ભારે પીડાકારી છે, તે એટલા માટે નહીં કે આપણને એમની શક્તિની બીક લાગે છે, પણ તે એટલા માટે કે આપણે આ લોકોને દીનદાર અને ખુદાને ચાહનારા માનીએ છીએ અને એમને આવા રૂપમાં જોવાની ક્યારેય અપેક્ષા રાખતા ન હતા. આપણી તો તમન્ના હતી કે આ લોકો ઇસ્લામી ક્રાંતિ લાવવામાં આગળ આગળ હોત અને આપણે એમની લગામ પકડીને પાછળ ચાલત. પરંતુ અફસોસની વાત છે કે એમણે એ હરોળ પસંદ કરી જેમાં સામ્યવાદીઓ અને હદીસનો ઇન્કાર કરનારા, કાદિયાની અને પાશ્ચાત્ય સ્વચ્છંદતાના સુત્રધારો એમની સાથે ખભેખભા મિલાવીને આપણી ઉપર હુમલા કરી રહ્યાં છે. કદાચ આ લોકો જરાક થોભીને વિચારી લેત કે **અઝ કે ગસ્તી વબા કે પૈવસ્તી !** (તું શું હતો અને કોની સાથે જોડાઈ ગયો !)

વિરોધના જવાબમાં તમારે શું કરવું જોઈએ ?

ઠીક, હવે જ્યારે આ વિવિધ દિશાઓમાંથી આપણો વિરોધ આ રંગમાં થઈ રહ્યો છે તો હું જરૂરી માનું છું કે પોતાના સાથીઓને આ અંગે પણ થોડી શિખામણ આપી દઉં.

આ બાબતમાં મારી સૌથી પહેલી શિખામણ આ છે કે તમે કોઈ પણ સંજોગોમાં ઉશ્કેરાશો નહીં. પોતાની જીભ ઉપર અને સ્વભાવ ઉપર કાબૂ રાખો અને જ્યારે પણ ઉશ્કેરણીજનક વાતાવરણ સર્જાતું લાગે તો આને શેતાન તરફથી ફૂટ પડાવવાનું કાવત્રું સમજીને અલ્લાહનું શરણ માગો. હકીકત આ છે કે આ કામને બગાડવા માટે શેતાન જ આ ચાલ ચલી રહ્યો છે. તે એક તરફ આપણા વિરોધીઓને જઈને ઉત્તેજિત કરે છે અને એમની પાસે અયોગ્ય હુમલા કરાવે છે અને બીજી તરફ આપણને ઉત્તેજિત કરવાનો પ્રયત્ન કરે છે જેથી આપણે જવાબ અને જવાબના

જવાબમાં ગૂંચવાઈ જઈએ અને કોઈ પણ રીતે એ કામ ન કરી શકીએ જે તેને સખત નાપસંદ છે. આપણે તેની આ ચાલમાં આવવું જોઈએ નહીં.

બીજી શિખામણ આ છે કે કેટલાક આલિમો દ્વારા અને એમના શિષ્યો તથા અનુયાયીઓ તરફથી તમને ગમે તેટલું દુઃખ પહોંચાડાય તો પણ તમે આને બસ દુઃખ અને અફસોસ સુધી સીમિત રાખો અને નફરત સુધી હરગિજ પહોંચવા ન દો. આ ઉપરાંત એ ભૂલ ન કરો જે આની પહેલાંના લોકો કરતા રહ્યાં છે કે એમણે અમુક આલિમોના જુલ્મોથી ગુસ્સે થઈને બધા જ આલિમોને ખરાબ કહેવા લાગ્યા અને પછી આટલેથી ન રોકાતાં ખુદ દીની જ્ઞાનને ભાંડવાનું લક્ષ્ય બનાવી દીધું. તમારે યાદ રાખવું જોઈએ કે આલિમોનો મોટો ભાગ અલ્લાહના ફઝલ-વ-કરમથી સત્યપ્રિય અને સચ્ચાઈપરસ્ત છે અને એમાંથી સારામાં સારા સાથીઓ તમને મળ્યાં છે અને હજુ મળી રહ્યાં છે.

ત્રીજી શિખામણ આ છે કે તમે બચાવ કરવાનું કામ મારી ઉપર છોડી દો અને તમે તમારા કામમાં વ્યસ્ત રહો. હું યોગ્ય જણાશે તેટલું બચાવનું કામ પોતે જ કરીશ અથવા જમાઅતના જવાબદાર લોકો પાસે કરાવીશ. તમારે તો એટલું જ કરવાનું છે કે જ્યારે કોઈ જુઠ્ઠો આરોપ તમારી ઉપર મૂકવામાં આવે તો તમે જમાઅતના સાહિત્યમાંથી એનો જવાબ કાઢીને સામે રજૂ કરી દો. એ પછી પણ જો વિવાદ કરે તો તેને સલામ કરો અને ત્યાંથી ખસી જાઓ. જેને સત્યમાર્ગ ઉપર આગળ વધવું હોય તેના માટે સૌથી વધુ ડહાપણ એમાં છે કે જો રસ્તામાં કોઈ કાંટામાં કપડાં ભરાઈ જાય તો એક ક્ષણ થોભીને તેને કાઢી લેવા કોશિશ કરે અને જ્યારે નીકળે તેમ ન લાગે તો ખોટો સમય બગાડવાને બદલે કપડાનો એ ભાગ ફાડીને કાંટાને સોંપી દે અને આગળ વધી જાય.

ચોથી શિખામણ આ છે કે સખ્તમાં સખ્ત વિરોધના જવાબમાં પણ તમે અલ્લાહની સીમાઓનું ઉલ્લંઘન ન કરો. તમારા મોઢેથી કે કલમમાંથી જે શબ્દ નીકળે તેની ઉપર પૂરેપૂરી રીતે વિચારી લો કે તે સત્યની વિરુદ્ધ તો નથી તેમજ તમે એનો હિસાબ અલ્લાહને ત્યાં આપી શકશો ? તમારા વિરોધીઓ અલ્લાહથી ડરે કે ન ડરે પણ તમારે તો હંમેશાં તેનાથી ડરતા રહેવું જોઈએ.

પાંચમી શિખામણ આ છે કે આ વિરોધે તમારી તેહરીકને માટે વિકસવાની અને આગળ વધવાની જે એક અસાધારણ તક પૂરી પાડી છે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવો. આ રીતે અલ્લાહે તમારા માટે 'ચર્ચાની ખ્યાતિ'ની વ્યવસ્થા કરી છે.

આનાથી ગભરાવો નહીં પણ આને કામમાં લો. આરબપ્રદેશમાં આ જ પ્રકારના પ્રચારની આંધી જ્યારે નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે ઊઠી હતી તો અલ્લાહતઆલાએ આપને ખુશખબર આપી હતી કે **'રફઅના લક ઝિક્રક'**, આપણે તો આભારી થવું જોઈએ કે આટલા મોટા પ્રમાણમાં નિઃશુલ્ક આપણો પરિચય કરાવવામાં આવી રહ્યો છે જેને આપણે વીસ વરસે પણ આપણા સાધનો વડે કરી શકવાના ન હતા. હવે આપણું કામ માત્ર આટલું જ રહી ગયું છે કે જ્યાં જ્યાં આપણો ખોટો પરિચય કરાવવામાં આવ્યો છે ત્યાં ત્યાં આપણે પોતાનો સારો પરિચય કરાવી દઈએ. ઈન્શાઅલ્લાહ આનો બમણો ફાયદો થશે. જેની ઉપર પણ આ જુઠ્ઠા પ્રચારની હકીકત ખુલ્લી પડશે તે જમાઅતે ઈસ્લામીના મોહમાં જ નહીં પડે બલ્કે સાથે જ એના દિલમાંથી એ લોકોનું માન પણ ખતમ થઈ જશે જેના જૂઠ અને જેની સચ્ચાઈ અને દુશ્મનીનો સ્પષ્ટ પુરાવો તે પોતાની આંખે જોઈ લેશે. શેતાનની ચાલને એટલા જ માટે અલ્લાહે નબળી કહી છે કે તે પોતાના મિત્રોને એવા હથિયાર પૂરા પાડે છે જે કામચલાઉ રીતે તો સફળ નીવડે છે પરંતુ અંતમાં એ જ વ્યક્તિની ધોરી નસ કાપી નાંખે છે જે એમનો ઉપયોગ કરે છે.

છેલ્લી શિખામણ ખાસ કરીને જમાઅતના એ લોકો માટે છે જે આલીમ-વર્ગ સાથે સંબંધ ધરાવે છે. આ લોકોનું કામ આ છે કે એમના પૈકી દરેક જુથના લોકો પોત-પોતાના જૂથના આલિમોને સમજાવે, તેમને એક એક કરીને તેમજ સમૂહમાં મળે અને એમને પત્રો પણ લખે. તેઓ એમને કહે કે, સજ્જનો ! તમે જે આ બધું કરી રહ્યા છો એના પરિણામો ઉપર પણ તમે વિચાર કર્યો છે ? આની પહેલાં તમારી અને નવશિક્ષિત પેઢીઓ વચ્ચે જે અથડામણો થઈ ગઈ છે તેના પરિણામે તમારી આબરૂ સતત ઘટતી જઈ રહી છે અને આનાથી તમારી જ આબરૂને નહીં પણ ખુદ દીનની આબરૂને પણ આઘાત લાગ્યો છે. હવે જમાઅતે ઈસ્લામીએ એમાંથી સર્વશ્રેષ્ઠ તત્ત્વોને વીણી-વીણીને દીન તરફ લાવવાનું કામ શરૂ કર્યું હતું અને દીની લગાવને કારણે આ લોકો તમારી વધુ નજીક આવવા લાગ્યા હતા તો તમે એની સામે આ લડાઈ માંડી દીધી અને તે પણ એવી ભૂંડી રીતે માંડી કે નવો શિક્ષિત વર્ગ તો ઠીક પણ તમારા પોતાના શિષ્યો સુદ્ધાંના દિલોમાંથી તમારા પ્રત્યેની શ્રદ્ધા બાકી રહેવી મુશ્કેલ થઈ ગઈ. આ પ્રવૃત્તિઓ વડે તમે શું ફાયદો મેળવવાની આશા રાખો છો? આ ઉપરાંત, શું તમે અલ્લાહને ત્યાં જવાબ આપવા પર અને તેના પરિણામ ઉપર પણ વિચારી લીધું છે? ધારો કે તમને જમાઅત સાથે કેટલીક

બાબતોમાં મતભેદ હતો તો શું આ મતભેદને વાતચીત અને ઇલ્મી ચર્ચા-વિચારણા દ્વારા દૂર કરવાની કોશિશ કરી શકાતી ન હતી ? શું એ બાબતો એવા મહત્ત્વની હતી કે એમના માટે જમાઅતની સામે ફતવા આપવા અને જાહેરાતો છપાવવા તેમજ પત્રિકાઓ કાઢવા સિવાય કોઈ રસ્તો ન હતો ? પછી જો આ બધું જરૂરી હતું અને તમે માત્ર દીનની હિમાયતની લાગણીથી પ્રેરાઈને આ શુભકાર્ય કરવા ઊઠયા હતા તો શું હકીકતમાં કોઈ માણસ દીનની હિમાયત ખાતર બીજાના લખાણોને વિકૃત પણ કરે છે ? અને જે વસ્તુ તેણે કહી નથી તે પોતાના તરફથી ઘડી કાઢીને એના નામે પણ ચઢાવી દે છે ? અને તેના પોતાના લખાણોથી જ આરોપોના ખોટા પુરવાર થઈ ગયા પછી પણ પોતાના આરોપો ચાલુ રાખે છે ? આ વાતો છે જે આપણી જમાઅતના જૂથના વડીલોને સ્પષ્ટ શબ્દોમાં કહેવી જોઈએ. ખાસ કરીને હું મારા દેવબંદી અને મઝાહિરી ભાઈઓને કહીશ કે દેવબંદ અને મઝાહિરુલઉલૂમના બુઝુર્ગોએ એવા વિશ્વાસ સાથે જમાઅતની વિરુદ્ધ ઝુંબેશ ચલાવી છે કે અમારા દારૂલઉલૂમોમાંથી બહાર પડેલા લોકો ભારત-પાકિસ્તાનમાં દરેક ઠેકાણે ફેલાયેલા છે જ્યારે આપણે પોતાની સહી સાથે ફતવા અને જાહેરાતો પ્રસિદ્ધ કરીશું તો તમામ મઝાહિરી અને દેવબંદી લોકો આંખો બંધ કરીને માત્ર ઉસ્તાદપરસ્તી અને જૂથવાદને કારણે ચારે બાજુથી અમારી જેમ બોલવા લાગશે. હવે આ તમારૂં કામ છે કે એમની આ ગેરસમજ દૂર કરી દો અને એમને બતાવી દો કે દેવબંદ અને મઝાહિરુલઉલૂમમાંથી અમે કુર્આન અને હદીસનો લાભ તો જરૂર મેળવ્યો છે પરંતુ ઈમાનને ગળી જવાનું શીખ્યા નથી.

તો પછી એ કુર્આન અને હદીસની તાલીમનો ફાયદો શું જેનાથી માણસ સત્યનિષ્ઠ બનવાને બદલે ઉસ્તાદપરસ્તી અને પીરપરસ્તી શીખે અને ઇસ્લામી આદરને બદલે જૂથવાદનો પાઠ શીખે.

૮. મહિલાઓ માટે શિખામણો

અત્યાર સુધી જે કંઈ મેં કહ્યું છે એનો મોટો ભાગ પુરુષો અને મહિલાઓ માટે સંયુક્ત હતો. હવે હું થોડીક વાતો ખાસ એ મહિલાઓને કહીશ જે જમાઅત સાથે જોડાયેલી છે અથવા તેમાં રસ ધરાવે છે:

૧. સૌથી પહેલી વસ્તુ કે જેની જરૂર છે તે એ છે કે તમે પોતાના દીનથી વધુને વધુ માહિતગાર બનો, માત્ર કુર્આન સમજીને વાંચો એટલું જ પૂરતું નથી પણ થોડો ઘણો હદીસ અને ફિકહનો પણ અભ્યાસ કરો. માત્ર દીનની પાયાની વાતો અને ઈમાનની સાથોસાથ એ પણ જાણો કે તમારૂં અંગત જીવન, કૌટુંબિક જીવન, કબીલાનું જીવન, તેમજ સામાન્ય સામાજિક જીવન વિષે પણ દીનના આદેશો શું છે. દીનના આદેશોથી અજાણ રહેવાની બાબત એ ઘણાં કારણો પૈકી એક મહત્ત્વનું કારણ છે જેના કારણે મુસલમાન ઘરોમાં બિનશરઈ રીવાજો પ્રચલિત થઈ ગયા છે, બલ્કે અજ્ઞાનતાના રિવાજો પણ ઘુસી ગયા છે. તમારે સૌ પ્રથમ તમારી પોતાની આ ખામી દૂર કરવા તરફ ધ્યાન આપવું જોઈએ.

૨. બીજું કામ એ છે કે તમને દીનનું જે ઇલ્મ મળે તે પ્રમાણે પોતાના વ્યવહારિક જીવનને, પોતાની નીતિમત્તાને અને ચારિત્ર્યને, તેમજ પોતાના ઘરેલુ જીવનને ઢાળવાની કોશિશ કરો, એક મુસલમાન મહિલામાં ચારિત્ર્યની એટલી મજબૂતાઈ હોવી જોઈએ કે તે જે વસ્તુને સાચી સમજે, તેની ઉપર આખા ઘર અને આખા ખાનદાનનો વિરોધ અને અડચણ છતાં અડગ રહે અને જે વસ્તુને ખોટી સમજે તેને ગમે તેના દબાણ નીચે પણ સ્વીકારે નહીં. મા-બાપ, પતિ અને ખાનદાનના બીજા વડીલો બેશક એ હક્ક ધરાવે છે કે એમનું કહ્યું માનવામાં આવે, એમનું આદર-માન જાળવવામાં આવે, એમની સાથે વિદ્રોહ ન કરાય પરંતુ બધાના હક્કો અલ્લાહ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હક્કો આધિન છે, ન કે એમની ઉપરવટ. અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અવજ્ઞાના રસ્તે જે કોઈ પોતાને ચલાવવા માગે, તમે તેનો હુકમ માનવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દો, પછી તે બાપ હોય કે પતિ, આ બાબતમાં તમે કોઈ પણ સંજોગોમાં

દબાણને વશ ન થાઓ, બલ્કે આનું જે ખરાબમાં ખરાબ પરિણામ તમારા ભૌતિક જીવનને બરબાંદ કરતુ દેખાય. એને પણ બસ અલ્લાહને ખાતર સહન કરવા માટે તૈયાર થઈ જાઓ. દીનના પાલનમાં તમે જેટલી મજબૂતાઈ દાખવશો ઇન્શાઅલ્લાહ એટલી જ તમારા વાતાવરણ ઉપર સારી અસર પડશે અને બગડી ચૂકેલા ઘરોને સુધારવાની તક તમને મળશે. આનાથી ઊલ્ટું, અયોગ્ય અને બિનશરઈ માગણીઓ સામે તમે જેટલું નમતું જોખશો તેટલું તમારૂં જીવન ઇસ્લામની બરકતોથી વંચિત રહેશે અને તમે તમારી પોતાની આસપાસના સમાજને પણ ઈમાન અને નીતિમત્તાનો ખરાબ દાખલો પૂરો પાડશો.

૩. ત્રીજું કામ તમારા માથે આ છે કે તબ્લીગ અને ઇસ્લાહની બાબતમાં પોતાના ઘરના માણસો, પોતાના ભાઈ-બહેન, અને પોતાના નજીકના સગા તરફ સૌથી પહેલાં અને સૌથી વધુ ધ્યાન આપો. જે બહેનોને અલ્લાહે સંતાન આપી છે એમના હાથમાં તો જાણે અલ્લાહતઆલાએ પરીક્ષાના એ પ્રશ્નપત્ર આપી દીધાં છે જેમાં તેઓ જો સફળતાપૂર્વક ગુણ ન મેળવી શકી તો પછી બીજો કોઈ પ્રશ્નપત્ર એમના આ નુકસાનને ભરપાઈ નહીં કરી શકે. એમના ધ્યાનની સૌથી વધુ હક્કદાર એમની સંતાન છે જેને દીન અને દીની નીતિમત્તાની તાલીમ આપવાની એમની જવાબદારી છે. પરિણામે મહિલાઓની આ જવાબદારી છે કે તેઓ પોતાના પતિઓને સીધો રસ્તો દેખાડે અને જો તેઓ સીધા રસ્તે હોય તો તેની ઉપર અમલ કરવામાં એમની વધુમાં વધુ મદદ કરે. એક છોકરી અદબ અને આદરની હદોનું ધ્યાન રાખીને પોતાના મા અને બાપ સુધી પણ કલ્મએહક્ક (સત્ય સંદેશ) પહોંચાડી શકે છે અને ઓછામાં ઓછું સારા પુસ્તકો તો એમના વાંચન માટે જરૂર આપી શકે છે.

૪. ચોથું કામ જેને તમારે ફરજિયાત ગણીને કરવાનું છે તે આ છે કે જેટલો પણ સમય તમે પોતાની અંગત ફરજોમાંથી બચાવી શકતા હોવ તે બીજી મહિલાઓ સુધી દીનની તાલીમ પહોંચાડવામાં ખર્ચ કરો. નાની બાળકીઓને તાલીમ આપો, મોટી ઉંમરની અને અભણ મહિલાઓને ભણાવો, ભણેલી મહિલાઓ સુધી પુસ્તકો પહોંચાડો. મહિલાઓના નિયમિત ઈજતેમા રાખીને એમને દીન વિષે સમજાવો અથવા પ્રવચન કરતાં ન આવડતું હોય તો ઉપયોગી વસ્તુઓ વાંચી સંભળાવો, કહેવાનો મતલબ એ કે જે જે રીતે પણ કામ કરી શકતા હોવ એ રીતે કરો અને બને તેટલી હદ સુધી પ્રયત્ન

કરો કે તમારી પરિચિત મહિલાઓમાંથી અજ્ઞાનતા અને જહાલત દૂર થાય.

૫. સુશિક્ષિત મહિલાઓ ઉપર અત્યારે એક બીજી પણ જવાબદારી આવે છે જે એક રીતે પોતાના મહત્ત્વના કારણે બીજા બધા કામોથી આગળ છે. તે એ કે અત્યારે પશ્ચિમવાદથી પીડાતા વર્ગની મહિલાઓ સામાન્ય મુસ્લિમ મહિલાઓને જે ગુમરાહી, નિર્લજ્જતા અને માનસિક તેમજ નૈતિક સ્વચ્છંદતા તરફ ધકેલી રહી છે એનો સંપૂર્ણ તાકાતપૂર્વક મુકાબલો કરવામાં આવે. આ કામ માત્ર પુરુષો માટે નથી. પુરુષ જ્યારે ગુમરાહીનો વિરોધ કરે છે ત્યારે મહિલાઓને એમ કહીને બહેકાવવામાં આવે છે કે આ પુરુષો તો તમને ગુલામ બનાવી રાખવા માંગે છે, એમની તો હંમેશથી એવી ઇચ્છા રહી છે કે સ્ત્રીઓ ચાર દીવાલ વચ્ચે ગૂંગળાઈને મરતી રહે અને એમને સ્વતંત્રતાનો પવન સ્પર્શે નહીં. એટલા માટે આ ફિત્નાને ખતમ કરવા માટે આપણી મહિલાઓની મદદની સખત જરૂર છે. અલ્લાહના કરમથી આપણા દેશમાં એવી સજ્જન અને દીનદાર મહિલાઓની ઉણપ નથી જે ઉચ્ચ શિક્ષણ પામેલી છે અને પશ્ચિમવાદથી પીડિત મહિલાઓ કરતાં વિદ્યા અને હોંશિયારી તેમજ કલમ અને વાણીની તાકાતમાં કોઈ રીતે ઊતરતી નથી. હવે આ એમનું કામ છે કે આગળ વધીને એમને જડબાતોડ જવાબ આપે. તેઓ એમને બતાવે કે મુસલમાન મહિલા અલ્લાહની સીમાઓથી બહાર પગ મૂકવા માટે કદાપિ તૈયાર નથી. તે ઉઘાડે છોગ કહી દે કે મુસલમાન મહિલા એ પ્રગતિ ઉપર ફિટકાર મોકલે છે જેના પામવા માટે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદો તોડવી પડે. એટલું જ નહીં પણ એમનું કામ એ પણ છે કે સંગઠિત થઈને એ દરેક સાચી જરૂરિયાતને જેને માટે હદો તોડવી જ પડે એમ કહેવામાં આવે છે, ઈસ્લામી હદોની અંદર પૂરી કરી દેખાડે જેથી દરેક ગુમરાહ કરનાર અને કરનારીના મોં કાયમ માટે બંધ થઈ જાય.